


અમરેલી, ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૨-૦૦
તા. ૩૦-૧૨-૨૦૨૩ શનિવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,




તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ માગસર વદ ૩ વર્ષ : ૨૮ અંક ૧૧૯

## શ્રી પાટીલ, શ્રી અરૂણસિંહ, શ્રી રત્નાકર અને શ્રી ભુપેન્દ્રભાઇ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં બેઠકમાં ભાજપની રણનીતી તૈયાર

# જાન્યુઆરીમાં ભાજપ દરેક બેઠકોમાં ચૂંટણી કાર્યાલય શરૂ કરશે

**૧૫ થી ૩૦ જાન્યુઆરી સુધી લોકસભા ક્ષેત્રની અંદર લોકસભા ચૂંટણી કાર્યાલય શરૂ કરવામાં આવશે ત્યાર પછી ફેબ્રુઆરી મહિનામાં લોકસભા ક્ષેત્રના વિધાનસભાના કાર્યાલયો પણ શરૂ કરવામાં આવશે**

**આવનારા સમયમાં દરેક જિલ્લામાં લોકસભાની ચૂંટણી માટે બેઠકોનું આયોજન : જિલ્લામાં અને મંડલ કક્ષાએ પણ મોરચાની બેઠકોનું આયોજન : લોકસભા પ્રચાર પ્રસારની ટીમ તૈયાર કરવામાં આવશે**

અમરેલી, આજરોજ પ્રદેશ કાર્યાલય




શ્રી કમલમ ખાતે પ્રદેશની મત્વપુર્ણ બેઠક પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલની અધ્યક્ષતામાં યોજાઇ હતી. આ બેઠકમાં રાષ્ટ્રીય મહામંત્રીશ્રી અરૂણસિંહ, પ્રદેશના સંગઠન મહામંત્રી રત્નાકર,

(અનુ. પાના નં. ૨)

ચોકી સોરઠ એલઆરડી ટ્રેનીંગ સેન્ટરમાં જવાનો ઓર્ડર થયેલ કર્મચારીઓ ગેરહાજર રહેતા

## અમરેલી પોલિસ હેડક્વાર્ટરના સાત અને રાજુલાના એક પોલીસ કર્મચારી મળી કુલ ૮ ને સસ્પેન્ડ કરાયાં

### ચોકી સોરઠ ન જઈ ગેરહાજર રહેતા પોલિસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા પગલા ભરાયાં

અમરેલી, ચોકી સોરઠ એલઆરડી ટ્રેનીંગ સેન્ટરમાં જવાનો ઓર્ડર થયેલ કર્મચારીઓ ગેરહાજર રહેતાઅમરેલી પોલિસ હેડકવાર્ટરના સાત અને રાજુલાના એક કર્મચારી મળી કુલ ૮ ને સસ્પેન્ડ કરાયા હતા.ચોકી સોરઠ ન જઈ ગેરહાજર રહેતા પોલિસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા કડક પગલા ભરાયા હતા. જેથી પોલિસ ખાતામાં ફફડાટ

(અનુ. પાના નં.૭)




### -:: જાહેર નોટીસ ::-

અમારા અસીલે અમરેલી જિલ્લાના કુંકાવાવ - વડીયા તાલુકાના ગામ ''તોરી'' ના રેવન્યુ સર્વે નંબર - ૨૫૮ પૈકી ૧, ની ''લઢોસીમ'' તરીકે ઓળખાતી જુની શરતની ખેડવાણ જમીન હે.આરે.ચો.મી. ૧-૧૮-૩૭, અમો શ્રી કુરજીભાઇ હરીભાઇ બોરડ રહે.તોરી, ઠે.રાજગોર શેરી, તોરી, તાલુકા - કુંકાવાવ વડીયા પાસેથી ખરીદ કરવા નક્કી કરેલ છે. જેની તોરીના રેવન્યુ રેકર્ડ ગામ નમુના નંબર - ૮/અ ના ખાતા નંબર - ૩૪૩ તથા હક્કપત્રક નંબર - ૬, નોંધ નંબર - ૧૩૪૫ થી એન્ટ્રી પ્રમાણિત થયેલ છે.

ઉપરોક્ત વિગતોની ખેતીની જમીનનાં માલીકી ટાઇટલ, ટાઇટલ રાઇટ્સ, ઇન્ટરેસ્ટ વેચાણ કબજા પરત્વે કોઇને કોઇપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, લાગ ભાગ, દર, દાવો, વારસાઇ હક્ક કે ભરણ પોષણનો હક્ક કે કોઇનું લ્હેણુ, કરજ, ગીરો, બોજો કે જામીનગીરી હોય કે અન્ય કોઇના કોઇપણ પ્રકારના હક્ક અધિકાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ (દસ - ૧૦) માં લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે રજુઆત કરવી મુદત વિત્યે કોઇપણ વ્યક્તિને કોઇપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, વાંધો, તકરાર નથી અથવા હોય તો જતો (WAIVE) તેમ માની મારા અસીલ વેચાણ વ્યવહાર પુર્ણ કરી જમીનની સ્થળ ઉપર માપણી કરી પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. ત્યાર બાદ કોઇના હક્ક, દાવા મારા અસીલને શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી જેની આથી લાગતા - વળગતા સર્વેએ નોંધ લેવી.

સ્થળ : બગસરા
તારીખ : ૩૦-૧૨-૨૦૨૩

અનીલકુમાર એન.શેખ - એડવોકેટ
સરકારી દવાખાના રોડ, ડો.કામળીયા સાહેબ વાળી શેરી, બગસરા મો.૯૪૨૯૪ ૧૬૯૯૦
























### વિદ્યાભારતી ટ્રસ્ટ અને રણછોડદાસજી હોસ્પિટલ રાજકોટનાં સંયુક્ત ઉપક્રમે

# ચિતલમાં નેત્રનિદાન કેમ્પ યોજાયો : ૧૦૦ દાતાઓનું સન્માન

### ખોડલધામ સમાધાન પંચનાં અધ્યક્ષ શ્રી મનુબાપા દેસાઈના અધ્યક્ષ સ્થાને યોજાયેલા ૧૦૦ માં નિદાન, રક્તદાન કેમ્પમાં ૧૦૦ દાતાઓનું સન્માન

### જરૂરિયાતમંદ દર્દીઓને ઓપરેશન માટે રાજકોટ લઇ જવાયાં : રક્તદાન કેમ્પમાં ૫૦ યુવાનોએ રક્તદાન કર્યુ: વિવિધ ક્ષેત્રનાં આગેવાનોની ઉપસ્થિતિ







અમરેલી,

વિદ્યાભારતી ટ્રસ્ટ અને રણછોડદાસ હોસ્પિટલ રાજકોટના સંયુકત ઉપક્રમે ખોડલધામ સમાધાન પંચના અધ્યક્ષ મનુબાપા દેસાઈના પ્રમુખ સ્થાને તા. ૨૬-૧૨ ના ૧૦૦ મો નેત્રનિદાન કેમ્પ તથા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. મુખ્ય મહેમાન પદે જીલ્લા પંચાયતના ઉપપ્રમુખ સુરેશભાઈ પાથર, અમરડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ કાનપરીયા, જે.બી. દેસાઈ, પ્રવિણભાઈ માંગરોળીયા, વનરાજભાઈ આહીર, ડ્રિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ભગીરથભાઈ ત્રિવેદી, વિહીપના ઉપાધ્યક્ષ વિજયભાઈ દેસાઈ, નિત્ય સુધાનંદ સ્વામી, ગુરૂકુળના હરીચર્ણ સ્વામી, ગૌસેવક નલીનબાપુ, રઘુવીરસિંહ સરવૈયા, મનસુખભાઈ નાડોદા, રાજુભાઈ ધાનાણી, જયંતિભાઈ દેસાઈ, મનુભાઈ અસલાલીયા, વિડી લીંબાસીયા, સંજયભાઈ લીંબાસીયા, રમેશભાઈ સોરઠીયા, ઉપસ્થિત રહયા હતા. ૫૦ દર્દીઓને મોતીયાના ઓપરેશન માટે રાજકોટ રણછોડદાસજી હોસ્પિટલમાં લઈ જવામાં આવેલ. બ્લડ ડોનેશન કેમ્પમાં ૫૦ યુવાનોએ રકતદાન કર્યુહતું. આ કેમ્પને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ અને વીએચપીના જીલ્લા પ્રમુખ ઈતેશભાઈ મહેતા, બીપીનભાઈ દવે, દિનેશભાઈ મેશીયા, ધનજીભાઈ ધાનાણી, ખોડાભાઈ ધંધુકીયા, ઉકાભાઈ દેસાઈ, છગનભાઈ કાકડીયા, જીતુભાઈ ચૌહાણ, બકુલભાઈ ભીમાણી, કાળુભાઈ અસલાલીયાએ જહેમત ઉઠાવી હતી. ચિતલ ચેમ્બરના પ્રમુખ સુખદેવસિંહ સરવૈયા તથા લાલજીભાઈ દેસાઈ ઉપસ્થિત રહયા હતા.

# નરેન્દ્ર મોદી વિચાર મંચે સેવાભાવી શ્રી મુકેશભાઈ સંઘાણીને વધાવ્યાં

### પ્રદેશ મંત્રી મનીષભાઈ સિધ્ધપુરા અને મનોજભાઈ વાળાની ઉપસ્થિતિમાં જયદીપભાઈ નાકરાણી અને દિનેશ કનાડીયા દ્વારા સુંદર આયોજન



અમરેલી,

યુવા આઈડલ તેમજ સેવાભાવી માં મુકેશભાઈ સંઘાણી ના જન્મ દિવસપૂર્વે આજરોજ દ્વારા કન્યાશાળા હરિ રોડ તેમજ સુખ નિવાસ કોલોની પ્રાથમિકશાળા તેમજ ગજેરાપરા આંગણવાડી તેમજ ચકરગઢ રોડ રામવાડી આંગણવાડી ૨૦૧ બાળકો ને સવાર નો નાસ્તો કરાવેલ હતો. આ પ્રસંગે મુકેશભાઈ સંઘાણી સહિત સુરેશભાઈ શેખવા તેમજ તુષારભાઈ જોષી ભાવેશભાઈ સોઢા ચિરાગભાઈ ચાવડા રાજેશભાઈ માંગરોળીયા ભગીરથભાઈ ત્રિવેદી દિવ્યેશભાઈ વેકરીયા સંજયભાઈ વણજારા વિશાલભાઈ ઠાકર હિતેશભાઈ સેજુ રીપલભાઈ હેલૈયા સહિત તમામ પદાધિકારીઓ અને પ્રાથમિક સ્કુલ ના આચાર્ય સહિત સ્ટાફ પણ હાજર રહેલ. બાળકો દ્વારા અભિનંદન ગીત ગાવામાં આવેલ હતું અને મુકેશભાઈ સંઘાણીને નરેન્દ્ર મોદી વિચાર મંચ ના પ્રદેશ મંત્રી મનીષભાઈ સિદ્ધપુરા સાહેબ તેમજ પ્રદેશ મંત્રી મનોજભાઈ વાળા અમરેલી જિલ્લા અધ્યક્ષ જયદીપભાઈ નાકરાણી નવાલ ભાઈ મકવાણા જિલ્લા યુવા શાખાના અધ્યક્ષ દિનેશ કનાડિયા તેમજ પ્રશાંત પરમાર સચિન કવા સહદેવ મકવાણા ચેતનભાઈ ગાદેશા ઉદેશ ભાઈ દેશપાંડે હાર્દિક ભટ્ટ યસ મકવાણા યજ્ઞેશ કારેલીયા હાર્દિક મેર કૃશાંત કનાડીયા અજય રાઠોડ નિકુલ મકવાણા મયુરભાઈ જાદવ દ્વારા મુકેશભાઈ સંઘાણી ને જન્મ દિવસ ની શુભકામના પાઠવેલ હતી.

### જિલ્લાનાં છેવાડાનાં ગામને સૌ ભુલી ગયાં : ધારાસભ્ય અને સાંસદ ધ્યાન આપે

# ધારીથી દલખાણીયાનો રસ્તો જંગલ કરતા પણ ખરાબ બન્યો : ગ્રામીણ જનતા ત્રાહિમામ

### રોડ ઉપર છેક સેમરડી ગેઇટ સુધી ખાડા પડી જતા વાહન ચાલકો કાયમી હેરાન : જંગલની અંદર તો ઠીક પણ બહારનાં રસ્તા પણ નવા નથી બન્યાં




દલખાણીયા, (યોગેશ સોલંકી) ધારીના ગીર કાંઠાના દલખાણીયા રોડની બિસ્માર હાલત બની છે. રોડમાં મોટા ગાબડા પડી જતા લોકોને મુશ્કેલી વેઠવી પડી રહી છે. ધારીથી દલખાણીયા ગામનો રોડ એકદમ ખરાબ હાલતમાં થઈ ગયો છે. ખાડા ખવડા થઈ ગયા છે દલખાણીયા થી સેમરડી ગેટ સુધીનો રોડ સાવ એટલે સાવ છે બિસ્માર હાલતમાં છે ધારી થી સેમરડી નાકા સુધી બને તેવી માંગ દલખાણીયા ગામ લોકો ની માંગ ઉઠેલ છે. દલખાણીયા ધારીનાં છેવાડાનું ગામ છે. ત્યાંથી ગીરનું જંગલ લાગુ પડે છે. છેવાડાનું ગામ હોય તેને ધારાસભ્ય અને સંસદ સભ્ય ભુલી ગયા હોય તેમ કેટલા વર્ષોથી નવો રોડ બને તેવા પ્રયાસો કર્યા નથી. સેમરડી ચેકપોસ્ટથી જામવાળા સુધીનાં જંગલમાં હવે સિંહની વસ્તી નહીંવત હોવા છતા નેશનલ પાર્કનાં નામે ૨૮ કીલોમીટરનો માર્ગ આજે પણ છોડવડીથી જામવાળા સુધી કાચો છે. એ તો સમજીયે પણ જંગલ બહારનાં રસ્તામાં કાર્યવાહી કેમ નથી કરાતી તે નવાઈની બાબત છે.

# કેરીયાનાગસ ગામનાં સામાજીક કાર્યકર ઘનશ્યામભાઇ લાંભીયાનો આજે જન્મદીન

### ૪૬ વર્ષ પુરા કરી ૪૭ વર્ષમાં પ્રવેશ કરશે

અમરેલી,

કેરીયાનાગસ ગામનાં સામાજીક કાર્યકર ઘનશ્યામ મહારાજ લાંભીયાનો આજે જન્મદીન છે. તેઓ ૪૬ વર્ષ પુરા કરી ૪૭માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યાં છે. તેથી આજે શુભકામનાઓનો ધોધ વહેતો થશે.



### પહેલા પાનાનું-ચુંટણી કાર્ય

રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સહિત પ્રદેશના પદાધિકારીશ્રીઓ, જિલ્લાના પ્રમુખશ્રીઓ, જિલ્લાના પ્રભારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠક અંગે પ્રદેશ પ્રવકતા શ્રી યમલભાઈ વ્યાસએ પત્રકાર પરિષદ સંબોધી હતી. પ્રદેશ મીડિયા કન્વીનરશ્રી ડો. યજ્ઞેશભાઈ દવેએ આગામી કાર્યક્રમો અંગેની માહિતી આપતા જણાવ્યું કે, આવનારા સમયમાં દરેક જિલ્લા અને મહાનગરોમાં લોકસભાની ચૂંટણી સંદર્ભે બેઠકો નું આયોજન કરવામાં આવશે તેમજ આજરોજ રજૂ કરેલ પ્રસ્તાવને આગામી ચાર દિવસમાં જિલ્લા અને મહાનગર કક્ષાએ અને ત્યાર બાદ ૫ કે ૬ જાન્યુઆરી સુધીમાં મંડળ કક્ષાએ અનુમોદન કરવામાં આવશે. લોકસભા ચૂંટણીની તૈયારીને ધ્યાને રાખી આવતીકાલે વિવિધ મોરચાની સંયુકત બેઠક કાર્યાલય ખાતે યોજાશે અને ત્યાર પછી જિલ્લા માં અને મંડળ કક્ષાએ પણ મોરચાની બેઠકોનું આયોજન કરવામાં આવશે. લોકસભા પ્રચાર પ્રસારની ટીમ તૈયાર કરવામાં આવશે જે કેન્દ્રની સુચના પ્રમાણે રાજયમાં પણ પ્રચાર પ્રસારનું કામ કરશે. આવનાર ૧૫ તારીખથી ૩૦ તારીખ સુધી લોકસભા ક્ષેત્રની અંદર લોકસભા ચૂંટણી કાર્યાલય શરૂ કરવામાં આવશે ત્યાર પછી ફેબ્રુઆરી મહિનામાં લોકસભા ક્ષેત્રના વિધાનસભા ના કાર્યાલયો પણ શરૂ કરવામાં આવશે. આવનાર સમયમાં અનુસુચિત જાતિના સત્રસંવાદ, અનુસૂચિત જનજાતિના જનસંપર્ક સંમેલન, ઘર ઘર સંપર્ક અને ઓબીસી સમાજના સંમેલન, કિશાન ગ્રામ પરિક્રમા અને ૨૬મી જાન્યુઆરીના રોજ યુવા મોરચા દ્વારા તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવશે. સરકારી યોજનાનો લાભ ઘરે ઘરે પહોંચાડવા માટેના પ્રયત્નો મંડળ સ્તર સુધી કરશે. લોકસભા ચૂંટણીની સંચાલન સમિતિની જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે. આ પ્રેસ કોન્ફરન્સમાં પ્રદેશના સહ પ્રવકતાશ્રીઓ શ્રી ડો. રૂત્વીજભાઈ પટેલ, શ્રી હિતુભાઈ કનોડિયા, શ્રી જયરાજસિંહ પરમાર, પ્રદેશ મીડિયા સહ કન્વીનરશ્રી ઝુબિનભાઈ આશરા ઉપસ્થિત રહ્યા હતા


**પ્રધાનમંત્રી કૌશલ્ય કેન્દ્ર**
સ્થળ : ચોથો માળ, નવા બસ સ્ટેન્ડની સામે, સિટી પોઈન્ટ કોમ્પલેક્ષ, ચકાભાઈ ભેળવાળાની ઉપર, અમરેલી. Mo. 94099 29395
વિનામૂલ્યે રોજગારી તથા સ્વાવલંબન મેળવવા માટે પ્રશિક્ષણ મેળવવા ૫ પાસ/૮ પાસ/૧૦ પાસ/૧૨ પાસ તથા સ્નાતક કોઈપણ વ્યક્તિ માટે સુવર્ણ તક...
૧૫ થી ૪૫ વર્ષનાં કોઇપણ વ્યક્તિ આ કોર્ષ કરી શકશે
• ૧૫,૦૦૦ થી ૩૦,૦૦૦ નો કોર્ષ બિલકુલ ફ્રી
• ભારત સરકાર માન્ય સર્ટીફીકેટ
• નોકરીની તક ૨,૦૦,૦૦૦ નો વીમો ૩ વર્ષ માટે બિલકુલ ફ્રી
ફ્રી

| ક્રમ | કોર્ષ |
|---|---|
| ૧. | બ્યુટી પાર્લર |
| ૨. | સિવણ કામ |

ફ્રી
વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ કાર્ય શરૂ છે.
વધુ માહિતી માટે કોલ કરો : Mo. 94099 29395
એડમિશન સમય : સવારે ૧૦ થી સાંજે ૫ સુધી સંસ્થા પર આવીને રૂબરૂ મળવું.
જરૂરી પુરાવા : આધાર કાર્ડની કલર ઝેરોક્ષ-૨, બેંક પાસબુક ઝેરોક્ષ-૧, માર્કશીટ ઝેરોક્ષ-૧, ફોટા-૨

**-:: જોઇએ છે ::-**
પ્રધાનમંત્રી કૌશલ્ય કેન્દ્ર - અમરેલીમાં ઓફિસ વર્ક કરી શકે તેવી મહિલા (છોકરી) જોઇએ છે
લાયકાત B.A., B.Com., BCA, MCA, BBA, MBA
(કોમ્પ્યુટર આવડતું હોવુ જોઇએ)
પોતાનું રીઝયુમ : મો.૮૪૮૮૯ ૪૯૪૯૪ ઉપર મોકલી આપવો.
સ્થળ : અમરેલી પી.એમ.કે.કે., ચોથો માળ, સીટી પોઇન્ટ કોમ્પલેક્ષ, નવા બસ સ્ટેન્ડ સામે, અમરેલી.

**વી. કે. મોટર્સ**
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE | SPARE | INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com

૨૦ વર્ષના અનુભવ સાથે
**બાપા સીતારામ માંજાવાલા**
સરસના ભાવમાં તૈયાર સુરતી માંજા સાથે ૨૫૦ ગ્રામ કાચ અને ૨૫૦ ગ્રામ ફેવીકોલ તદન ફ્રી.. ફક્ત જાહેરાત માટે
તેમજ હોલસેલ તથા રીટેઇલ માં સોડા બોટલનો તૈયાર ખાંડેલો કાચ મળશે
સરનામું : જુની કાપડ બજાર, ટાવર પાસે, અમરેલી મો.૯૪૨૭૧ ૦૨૦૦૭
ચરખા ભાડે તથા વેચાણથી મળશે

અમારા કમી (કેરાળા) ગામમાં કોઇને ચશ્મા, મોતીયો - વેલ - છારી વગેરે તકલીફો થતી નથી કારણકે અમુક કુદરતી ઉપાયોથી ઠીક કરી આપીએ છીએ અહીં અમરેલીમાં પણ આજ વસ્તુ કરવા માંગીએ છીએ મળો અમારા ડ્રાઇવરને.... સ્થળ : રામજી મંદિર
સમય : સવારે ૯:૦૦ થી ૯:૩૦
લી. વિનુભાઇ છાશવાળા
મો.૯૬૬૪૬ ૮૯૮૬૬, ૯૯૦૪૮ ૨૪૩૧૪

**શ્રી અષ્ટાંગ હોસ્પિટલ**
વૈદ્ય જાગૃતિ ભાડ (આયુર્વેદાચાર્ય) B.A.M.S., PGDYN
શું તમે ઘુંટણ, પેની, ખંભા, હાથ, પગના સાંધાના દુઃખાવાથી પરેશાન છો ?
તો આજે જ અગ્નિકર્મ - આયુર્વેદ ચિકિત્સાથી રાહત મેળવો
મગજ અને માનસિક રોગોના નિષ્ણાંત ડોક્ટર અહીં મળશે
સ્થળ : સંજીવની કોમ્પલેક્ષ, પહેલા માળે, સહજાનંદ માર્કેટ સામે, IDBI બેન્કની બાજુમાં, સ્ટેશન રોડ અમરેલી. Ph.: (02792) 221177

**જોઇએ છે**
■ સેલ્સમેન - ૨
■ મીકેનીક - ૨
■ હેલ્પર - ૨
■ ડેટા એન્ટ્રી ઓપરેટર - ૨
રસ ધરાવતા વ્યક્તિઓ પોતાના બાયોડેટા સાથે સંપર્ક કરો
મનહર હોન્ડા માર્કેટયાર્ડ સામે, બાબરા
મો.૯૯૦૪૭ ૦૨૧૫૪, ૯૪૦૯૬ ૫૨૧૦૪

અમરેલીનું ગૌરવ **હોટલ રોયલ ફોરચ્યુન**
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

FASTag Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથમંદિરપાસે, નાગનાથકોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

**મહાદેવ ટ્રાવેલ્સ**
ધારી, સાવરકુંડલા, અમરેલી થી મુંબઇ ડેઇલી સર્વિસ
AC 2 x 1 તેમજ નોન AC સર્વિસ ન્યુ બ્રાન્ડ બસ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ છે
અમરેલી : જુના માર્કેટયાર્ડની અંદર, લાપીનોઝ પીઝાની બાજુમાં
પિન્ટુ તળાવીયા : મો.૭૦૪૬૪ ૬૪૪૧૦

અમરેલીમાં બંગલો વેચવાનો છે
ચિતલ રોડ ઉપર ફર્નિચર સાથેનો વિશાળ બંગલો કસમાં વેચવાનો છે
ચક્કરગઢ રોડ સંકુલ સામે સારામાં સારા લોકેશનમાં બંગલો
લાભમ્ પ્રોપર્ટીઝ મો.૯૪૨૮૯ ૭૦૯૫૪

## પ્રધાનમંત્રી અયોધ્યા ધામ જંક્શન રેલવે સ્ટેશનનું ઉદઘાટન કરશે : બે નવી અમૃત ભારત ટ્રેનોને લીલી ઝંડી આપીને અમૃત ભારત ટ્રેનો દેશમાં શરૂ કરશે

# શ્રી મોદીના હસ્તે અયોધ્યામાં આજે વિવિધ યોજનાઓનું લોકાર્પણ

### પ્રધાનમંત્રી અયોધ્યામાં નાગરિક સુવિધાઓમાં સુધારો કરવા અને વૈશ્વિક કક્ષાની સુવિધાઓને વિકસાવવા માટે રૂ. ૧૧,૧૦૦ કરોડની વિવિધ પરિયોજનાઓ રાષ્ટ્રને સમર્પિત કરી ખાતમુહૂર્ત કરશે

### આજે સવારથી શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે વિવિધ યોજનાઓનો પ્રારંભ થશે : અયોધ્યામાં નવા એરપોર્ટ, નવા રિડેવલપમેન્ટ રેલવે સ્ટેશન, નવા શહેરી માર્ગો અને અન્ય નાગરિક માળખાનું ઉદઘાટન કરશે



નવી દિલ્હી, (પ્રતિનિધિ)

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી આજે તા. ૩૦ ડિસેમ્બરનાં રોજ ઉત્તરપ્રદેશની અયોધ્યાની મુલાકાત લેશે. પ્રધાનમંત્રી સવારે ૧૧:૧૫ વાગ્યે પુનઃવિકસિત અયોધ્યા રેલવે સ્ટેશનનું ઉદઘાટન કરશે તથા નવી અમૃત ભારત ટ્રેનો અને વંદે ભારત ટ્રેનોને લીલી ઝંડી આપશે. તેઓ અન્ય કેટલીક રેલવે પરિયોજનાઓ પણ દેશને સમર્પિત કરશે. લગભગ ૧૨:૧૫ વાગ્યે પ્રધાનમંત્રી નવનિર્મિત અયોધ્યા એરપોર્ટનું ઉદઘાટન કરશે. બપોરે એક વાગ્યાની આસપાસ પ્રધાનમંત્રી એક જાહેર કાર્યક્રમમાં સહભાગી થશે, જ્યાં તેઓ રાષ્ટ્ર માટે નાજુક અને રાજયમાં રૂ. ૧૫,૭૦૦ કરોડથી વધારે મૂલ્યની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન કરશે. તેમાં અયોધ્યા અને તેની આસપાસના વિસ્તારોના વિકાસ માટે આશરે ૧૧,૧૦૦ કરોડ રૂપિયાની પરિયોજનાઓ અને સમગ્ર ઉત્તર પ્રદેશની અન્ય પરિયોજનાઓ સાથે સંબંધિત લગભગ ૪૬૦૦ કરોડ રૂપિયાની પરિયોજનાઓ સામેલ છે. પ્રધાનમંત્રીનું વિઝન અયોધ્યામાં આધુનિક વૈશ્વિક કક્ષાનું માળખું વિકસાવવાનું, કનેક્ટિવિટીમાં સુધારો કરવાનો અને તેની નાગરિક સુવિધાઓમાં સુધારો કરવાનો છે, ત્યારે શહેરના સમૃદ્ધ ઈતિહાસ અને વારસાને અનુરૂપ પણ છે. આ વિઝનને સાકાર કરવા માટે શહેરમાં નવા એરપોર્ટ, નવા રિડેવલપમેન્ટ રેલવે સ્ટેશન, નવા શહેરી માર્ગો અને અન્ય નાગરિક માળખાનું ઉદઘાટન કરવામાં આવી રહ્યું છે. ઉપરાંત, સંખ્યાબંધ નવી યોજનાઓનો શિલાન્યાસ કરવામાં આવશે, જે અયોધ્યા અને તેની આસપાસ બ્યુટિફિકેશન અને નાગરિક સુવિધાઓને સુધારવામાં પ્રદાન કરશે.

### ધારાસભ્યશ્રી હિરાભાઇનાં પ્રયાસોથી પ્રશ્નનો અંત

## જાફરાબાદના કડીયાળીમાં નવા રસ્તાનું ખાત મુહૂર્ત કરાયું

### વર્ષો જુનો રોડ બનાવવા શ્રી હિરાભાઇ સોલંકીએ રજુઆત કરતા રોડ મંજુર થયો



રાજુલા, (કનુભાઈ વરૂ) જાફરાબાદ ના કડીયાળી ગામે નવો રસ્તો મંજૂર થાય તે બાબતે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી દ્વારા ગુજરાત સરકારમાં રજૂઆત કરવામાં આવી હતી. જેના અનુસંધાને જાફરાબાદ તાલુકાના કડિયાળી ગામ ખાતે વર્ષો જૂનો રોડનો પ્રશ્નનું નિરાકરણ કરવામાં આવ્યું તેમજ નવનિર્મિત રોડનું ભૂમિપૂજન આજરોજ ભારતીય જનતા યુવા મોરચા - પ્રમુખ અને ટીબી માર્કેટિંગ યાર્ડના ચેરમેન પ્રમુખ શ્રી ચેતનભાઈ શિયાળના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ શ્રી બાલાભાઈ સીએનજી બેન અનિરુદ્ધભાઈ વાળા કારોબારી શેરને, જિલ્લા પંચાયત કા. ચેરમેન શ્રી કરશનભાઈ ભીલ, સરપંચ શ્રી સવજીભાઈ, માજી તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી જાદવભાઈ જણાવ્યું કે છેલ્લા દસ વર્ષથી આ રોડની રજૂઆત થતા મંજૂરી મળતી નહતી જે ધારાસભ્યને રજૂઆત કરતા હીરાભાઈ સોલંકીએ તાત્કાલિક મંજૂર કરાવી અને આજે આ રોડનું ખાતમુરત કર્યું હતું તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા સાથે ગ્રામપંચાયતના નવા બિલ્ડિંગનું નિરીક્ષણ કર્યું.

## ચલાલામાં લક્ઝરી બસનાં કાચ તોડી નુકશાન કર્યું

### વાહન માલિકોમાં ફફડાટ ફેલાયો : ચલાલા પોલીસને જાણ કરાઇ



ચલાલા, (પ્રકાશ કારીયા)

ચલાલામાં અમરેલી રોડ ઉપર પેટ્રોલ પંપ બાજુમાં જીજે ૧૪ટી ૦૬૯૩ નંબરની સાગર ટ્રાવેલ્સની બસ રાખવામાં આવી હતી. સવારનાં સમયે માલિક રવિદાસભાઈ હરીયાણી પોતાની ટ્રાવેલ્સ ગાડી લેવા ગયા ત્યારે જોયું તો કોઇ હરામખોરે કે પછી લુખ્ખા તત્વોએ આગળનો કાચ પત્થર મારી ફોડી નાખેલો હોય અને રૂા.૧૨ હજારનું નુકશાન પહોંચાડેલું હોય તેથી માલિક રવિભાઈ હરિયાણીએ ચલાલા પોલીસ સ્ટેશને જઈને જાણવા જોગ લેખિત રજુઆત કરતા પીએસઆઈ શ્રી ગોહિલે રજુઆત સાંભળી યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. આ અંગે ગાડી માલિકોએ જણાવ્યું હતું કે, અગાઉ પણ મારી ગાડીનો કાચ ફોડી નાખ્યો હતો ત્યારે પોલીસને જાણ કરી નહતી. હમણાં થોડા વખતથી ચલાલામાં ચોરીનાં બનાવ બની રહ્યાં છે. વેપારી સમાજનાં વ્યક્તિની લાલ કલરની ટ્રાવેલ્સમાંથી ચાલુ બેટરીની કોઈ ચોરી કરી લઈ ગયાં હતાં એજ રીતે દાનેવ પ્લોટમાં રહેણાંક વિસ્તારમાં ધોળા દિવસે ઘર વખરીની ચોરી થવા પામી હતી. આવા ચોરીનાં બનાવો અને અસામાજીક પ્રવૃતિઓ બનતી રહે છે તો રાત્રીનાં પોલીસ હોમગાર્ડનું પેટ્રોલીંગ શરૂ કરવા લોક માંગણી ઉઠી છે.

### પિતાશ્રીની ઉત્તરક્રિયા નિમિતે

## બગસરામા શ્રી સમસ્ત વાંઝા જ્ઞાતિ સમાજનું સમુહ ભોજન યોજાયું

### સમસ્ત વાંઝાજ્ઞાતિને પુરાતન રીત રિવાજો મુજબ લ્હાણું કરાયું



બગસરા, (રૂપેશ રૂપારેલિયા)

બગસરા વાંઝા દરજી સ્વ.મનસુખભાઈ ભગવાનભાઈ ગઢિયા તા ૧૫/૧૨ના રોજ શ્રીગોપાલ ચરણ પામતા તેમની ઉત્તરક્રિયા નિમિતે તા ૨૭/૧૨ ના રોજ શ્રીસમસ્ત વાંઝાજ્ઞાતિ સમાજનું સમૂહ ભોજનનુ આયોજન કરવામાં આવેલ હતુ અને આ તકે શ્રીવાંઝાજ્ઞાતિ સમાજની વાડીમાં ઘટતી વસ્તુ મોટું ત્રીસ લિટરનુ કુકર તેમજ સમસ્ત વાંઝાજ્ઞાતિ સમાજને પુરાતન રીતિરિવાજ મુજબ લાહણુ કરવામાં આવેલ અને બગસરા વાંઝાજ્ઞાતિ સમાજમાં ચાલતી સેવાકીય પ્રવૃત્તિમાં યથા શક્તિ મુજબ ભેટ આપેલ તેમજ બગસરા શ્રીગોપાલલાલ મંદિરે અલગ અલગ તિથિ નોંધાવી આપેલ આ તકે બગસરા વાંઝાજ્ઞાતિ સમાજના પ્રમુખ રશ્વિનભાઈ ડોડીયા ઉપ પ્રમુખ વિનુભાઈ ભરખડા વિવેક ગોહેલ પ્રકાશભાઈ ભરખડા સહિત સભ્યો દ્વારા સમૂહ ભોજનનું આયોજન કરતા ગં.સ્વ. દમયંતીબેન ગઢિયા, રાજેશભાઈ, ચેતનભાઈ તેમજ કમલેશભાઈ (નાનુંબાવ)નુ શાલ ઓઢાડી મોમેન્ટો આપી આભાર પ્રગટ કરેલ તેમ વાંઝાજ્ઞાતિ સમાજ ના ટ્રસ્ટી કિરીટભાઈ ભદ્રેશ્વરાએ જણાવ્યુંહતું.

### ધારાસભ્યશ્રી કસવાલાનાં માર્ગદર્શન નીચે શ્રી મેહુલભાઇ ત્રિવેદીનાં અધ્યક્ષ પદે

## સાવરકુંડલા પાલિકાની સાધારણ સભા મળી



સાવરકુંડલા, (સૌરભ દોશી) જાગૃત ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાના માર્ગદર્શન હેઠળ નગરપાલિકા પ્રમુખ શ્રી મેહુલભાઈ ત્રિવેદીના અધ્યક્ષ સ્થાને ખાસ સાધારણસભાની બેઠકમાં સર્વસમતીએ ઠરાવો મંજૂર કરવામાં આવેલ હતા સાવરકુંડલા નગરપાલિકા ખાતે પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીના અધ્યક્ષ સ્થાને નગરપાલિકાના સભાખંડમાં ખાસ સાધારણ સભા મળી હતી આ સામાન્ય સભામાં પુનરાવર્તિત વિકાસ યોજના ૨૦૪૧ અન્વયે નગર આયોજન સમિતિ દ્વારા કરેલ ઠરાવને બહાલી આપવામાં આવેલ સાવરકુંડલા શહેરને આગામી ૨૫ થી ૪૦ વર્ષના વિકાસને ધ્યાન રાખી ગટર પાણી અને સ્ટ્રીટ લાઈટ જેવી આવશ્યક સેવા ગુણવત્તા યુક્ત મળી રહે તેવા શુભ આશ્રય થી આ કામ ને અસર કરશે ના નિયમ મુજબ ઓનલાઈન ટેન્ડરિંગ પ્રક્રિયા કરી અને એજન્સીની નિમણૂક કરવા નો મુસદ્દો ચર્ચામાં રૂજૂ થતા હાજર સભ્યો દ્વારા સર્વનામતે ઠરાવો મંજૂર થયેલ હતા આ ખાસ સાધારણ મા ઉપપ્રમુખ પ્રતિક નાકરાણી કારોબારી ચેરમેન અશોકભાઈ ચૌહાણ દંડક અજયભાઈ ખુમાણ પક્ષનેતા જનકબેન કરસનભાઈ આલ, તેમજ વિવિધ સમિતિના ચેરમેન શ્રીઓ, સદસ્યો શ્રીઓ, ચિફ઼ઓફીસર સહિત કર્મચારીઓ ઉપસ્થિત રહેલ હતા.

## રાજુલામાં વકીલ મંડળનાં હોદ્દેદારોની બિનહરીફ વરણી કરાઇ



રાજુલા, (કનુભાઈ વરૂ) રાજુલા વકીલ મંડળના હોદ્દેદારોની વરણી કરવામાં આવી જેમાં ચોથી વાર પ્રમુખ પદે વિજયભાઈ વરુ ની વરણી બિનહરીફ થવા પામેલ રાજુલા વકીલ મંડળમાં તમામ સભ્યો એક મત અને સાંકળની જેમ થઈ અને બિન હરીફ કરે છે અહીંનું વકીલ મંડળ એટલું સમજદાર છે કે કોઈને ખોટી રીતે હોશાતુસી કરતું નથી અને યોગ્ય કામગીરી કરતા બિનહરીફ કરવામાં આવે છે જે આ વખતે પણ ચાર બીજી ટર્મ વિજયભાઈ વરુને બિનહરી કર્યા હતા રાજુલા વકીલ મંડળની ચૂંટણી અંગે બેઠક મળેલી જેમાં તમામ હોદ્દેદારો હાજર રહેલા અને તમામ હોદ્દેદારોની બિન હરીફ વરણી થયેલી પ્રમુખ પદે વિજયભાઈ વરુ અને ઉપપ્રમુખ પદે કરશનભાઈ રાઠોડ તેમજ સહ ઉપપ્રમુખ તરીકે હિતેશભાઈ ખાગડ સેક્રેટરી તરીકે મૌલિનભાઈ ઠાકર તેમજ જોઈન્ટ સેક્રેટરી તરીકે કીર્તિભાઈ પરમાર અને ખજાનચી તરીકે પંકજભાઈ સરવૈયા તેમજ લાઈબ્રેરીયન તરીકે અશોકભાઈ બાબરિયાની સર્વા નુ મતે વરણી કરતા આ વરણીને માજી વકીલ મંડળના પ્રમુખશ્રી જયરાજભાઈ ખુમાણ તથા રોહિતભાઈ બારીયા તથા કનુભાઈ કામળિયા તથા સિંધવભાઈ તથા કિર્તીભાઈ તથા રાજુભાઈ જોખીયા તથા મુનીબેન વકીલ રાજુભાઈ જોષી તથા રાજવીર ભાઈ વરુ તથા વકીલ હાનાણી તમામ વકીલ મિત્રો દ્વારા બિનહરીફ કરવામાં સફળતા મળી હતી બિનહરીફ થતા રાજુલા શહેરના ચેમ્બરના માજી પ્રમુખ બકુલભાઈ વોરા પત્રકાર શ્રી કનુભાઈ વરુ તથા માજી પ્રમુખ સત્રજીતભાઈ ધાખડા તમામે આ વરણીને આવકારી હતી.

**નાયબ કલેક્ટર અને સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી બગસરા**

નં. એમએજી/વશી/રજી.નં.૧૪૪/૨૩

તા.૨૮/૧૨/૨૦૨૩

અરજદાર :- શ્રી બાબભાઈ જેઠસુરભાઈ વાળા રહે.લુંધીયા, તા.બગસરા

અરજદારના વિ.વ.શ્રી અશ્વિનભાઈ કે.ચૌહાણ

વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી લુંધીયા ગ્રામ પંચાયત તા.બગસરા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી જીલ્લાના લીલીયા તાલુકાના આંબા ગામના રહીશ શ્રી ધાધલ આપાભાઈ બહાદુરભાઈએ તેમની પુત્રી શ્રી ધાધલ ગુલાબબેન આપાભાઈનો જન્મ તા.૨૦-૦૪-૧૯૮૪ નાં રોજ બગસરા તાલુકાના લુંધીયા મુકામે થયેલ હોવા ની જન્મ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળા ના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઇને કાંઇ વાંધો તકરાર કે હરકત હોય તેઓએ તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૩૧-૦૧-૨૦૨૪ ના રોજ ૧૨-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

(કોર્ટનો સિક્કો) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ બગસરા


શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
- કોઈપણ ઉંમરના વ્યક્તિની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮



આ તહેવારોના શુભ અવસરે આપનું મનપસંદ હીરો ટુ-વ્હીલર ખરીદો
આકર્ષક ઑફર સાથે...
હીરોની સાથે બને દરેક તહેવારોશુભ
Hero GIFT Grand Indian Festival of Trust
HF Deluxe Motorcycle — કેશ બોનસ ₹2100
Super Splendor Xtec — કેશ બોનસ ₹2100
Destini125 (Not Prime) — કેશ બોનસ ₹2100
Xoom & Pleasure — એક્ષચેન્જ બોનસ ₹3000
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, નવનીત ટાયર્સની બાજુમાં, સ્ટેશન રોડ, અમરેલી
મો.+૯૧ ૯૨૮૯૯ ૨૨૨૫૪ navnit@heromotocorp.biz


## ટ્રાફીક બ્રિગેડ ભરતી મેળો

અમરેલી જીલ્લા ટ્રાફીક એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા અમરેલી શહેર તથા જીલ્લાની જે તે નગરપાલીકામાં ટ્રાફીક જાગૃતિના ભાગરૂપે ટ્રાફીક બ્રિગેડ જવાનોની માનદ સેવા તરીકે યુવક/યુવતીઓની ભરતી કરવાની છે. જે લાયકાત ધરાવતા અરજદારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

(૧) અરજદાર જે તે નગરપાલિકા વિસ્તારનો વતની હોવો જોઇએ.
(૨) શૈક્ષણિક લાયકાત ઓછામાં ઓછુ ધો.૧૨ પાસ હોવો જોઇએ.
(૩) અરજદારની ઉંમર વર્ષ - ૧૮ થી ૩૫ વર્ષની વચના હોવી જોઇએ.
(૪) અરજદારની ઉંચાઇ પુરૂષ માટે પાંચ ફુટ અને પાંચ ઇંચ તથા મહિલા માટે પાંચ ફુટ હોવી જોઇએ.
(૫) સરકારી અથવા બિન સરકારી સંસ્થા કે રોજમદાર કર્મચારી તરીકે ફરજ બજાવતા ન હોવા જોઇએ.
(૬) આ માનદ સેવા સબબ પ્રવાસ, નાસ્તા તથા દૈનિક ભથ્થા માટે રૂપિયા - ૩૦૦ (અંકે રૂપિયા ત્રણ સો) આપવામાં આવશે અને જાહેર રજાના દિવસોમાં ફરજ મોંકુફી આપવામાં આવશે.
(૭) આ નિમણુંક ફક્ત યુવક/યુવતીઓને કસોટીના ધોરણે પાસ થનારને જ આપવામાં આવશે.
(૮) આ યુવક/યુવતીઓની પસંદગી સબબનો આખરી નિર્ણય પસંદગી કમીટીના નિયમોને આધિન રહેશે.
(૯) આ ટ્રાફીક સંચાલન સહાયકની ભરતી તદન હંગામી ધોરણે ગણવાની રહેશે અને આ ફરજમાં કોઇ નિષ્ક્રિયતા જણાયે ટ્રસ્ટ દ્વારા આવા યુવકોની નિમણુંક રદ કરી શકાશે.

આ ટ્રાફીક બ્રિગેડમાં માનદસેવા તરીકે નિમણુંક પામવા ઇચ્છા ધરાવતા ઇચ્છુક યુવક/યુવતીઓએ આ ભરતી માટેનું ફોર્મ જિલ્લા ટ્રાફિક શાખા, અમરેલીની કચેરીએ તારીખ : ૦૧-૦૧-૨૦૨૪ થી તા.૦૫-૦૧-૨૦૨૪ સુધીમાં કચેરીએ રૂબરૂ આવી જમા કરાવવાનું રહેશે.

**આ પસંદગી માટે :-**

(અ) ધોરણ - ૧૨ પાસનું સર્ટીફીકેટ (ટ્રાયલ સર્ટી સાથે)
(બ) લીવીંગ સર્ટીફીકેટ
(ક) એન.સી.સી. સર્ટીફીકેટ, કોમ્પ્યુટર સર્ટીફીકેટ (જો હોય તો) સંપુર્ણ બાયોડેટા સાથે રજુ કરવાનુ રહેશે.

આ ભરતી પ્રક્રિયા સદર ટ્રસ્ટના પસંદગી સમીતી દ્વારા એજ્યુકેશન લાયકાત, શારીરીક ક્ષમતા તથા રાખવામાં આવેલ કસોટીની ક્ષમતાને આધિન પસંદગી કરવામાં આવશે.

**નોંધ :** ઉપર મુજબનો બાયોડેટા ફોર્મ - ૨ નકલમાં ભરી સ્વયંસેવકએ તા.૦૮-૦૧-૨૦૨૪ ને સોમવારના રોજ કલાક ૦૭/૦૦ વાગ્યે પોલીસ હેડ ક્વાર્ટસ, અમરેલી ખાતે હાજર રહેવાનું રહેશે.

પ્રમુખશ્રી
જીલ્લા ટ્રાફીક સંચાલીત ટ્રસ્ટ અમરેલી


શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એકજ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઈક નવું
(બાબરાવાળા)
આનંદ
ક્લોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪



☎ 94281 90118
॥ ૐ નમોઃ નારાયણ પ્રભુ ॥
ગમે તેવી ઠંડીમાં પણ થશે ગરમીનો અહેસાસ
એક-એકથી ચડીયાતા
વિન્ટર કલેક્શનની અવનવિ વેરાયટી
વિન્ટર ટી-શર્ટ, વુડી, જેકેટ, ફેન્સીકોટ, હાથ મોજા, ટોપી તેમજ મફલર અને ઘણું બધું...
વિન્ટર કલેક્શન
એક જ ભાવ
ફોર્મલવેર સ્પેશ્યાલીસ્ટ
લગ્ન સિઝનને અનુરૂપ પાર્ટીવેર કલેકશન
M to 5XL સુધી બધુંજ
ઉમિયા ફેશન
(નાના આંકડીયાવાળા)
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી.



સ્વાદનો આનંદ
હોટલ ન્યુ નટખટ ફેમેલી રેસ્ટોરન્ટ
Venture by Shivam Group
સાંજે રૂા.૧૫૦/- માં ફીક્સ
કાઠીયાવાડી ફીક્સ થાળી
જેમાં મળશે... રજવાડી ઢોકળી, રીંગણાનો ઓળો, સેવ ટમેટા, ભાખરી, રોટલા, રોટલી, છાશ, પાપડ
સાથો સાથ... સાઉથ ઇન્ડીયન અને ચાઇનીઝ તો ખરૂ જ
હોટલ ન્યુ નટખટ લઇને આવે છે
૩૧ ડિસેમ્બર સુધી સ્પે. ઓફર
બપોરે રૂા.૧૫૦/- માં
ગુજરાતી થાળી
અનલીમીટેડ
જેમાં મળશે... ૨ શાક, ફરસાણ, સ્વીટ, દાળ - ભાત, છાશ, પાપડ, અથાણા, ફ્રાઇમ્સ, એક કઠોળ
સાંજે રૂા.૧૫૦/- માં ફીક્સ
પંજાબી ડીશ
જેમાં મળશે... વેજ સબ્જી, પનીરની સબ્જી, રોટી, દાલફ્રાય, જીરા રાઇસ, પાપડ
અમારૂ નવુ સરનામું નોંધી લેશો : નારાયણનગર, લાઠી રોડ, અમરેલી
નિતીનભાઇ જોષી મો.૭૦૧૬૯ ૭૭૫૬૧ - દર્શિતભાઇ જોષી મો.૭૩૫૯૦ ૦૦૭૫૫ - પરીમલભાઇ ત્રિવેદી મો.૯૦૨૩૮ ૧૩૫૨૭



સ્પે. કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન
કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ
પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફ્લાઇટ બુકિંગ • વિઝા
મિથ્સ હોલીડેઝ
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગ્રાઉન્ડ ફ્લોર, સરદાર કોમ્પ્લેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૩૦-૧૨-૨૦૨૩ શનિવાર

# કાશ્મીરના મસરત આલમ જૂથ પર કેન્દ્ર સરકારે એકાએક કેમ પ્રતિબંધ મૂક્યો...?

કાશ્મીરમાં દેશ વિરોધી પ્રાણીઓની સંખ્યા હજુ મોટી છે. એને નાબૂદ કરતા સરકારને દસેક વરસ લાગશે. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર જમ્મુ અને કાશ્મીરમાં ફરી રાજકીય પ્રક્રિયા શરૂ કરવા માગે છે ત્યારે કેટલાંક પરિબળો કાશ્મીરને ફરી ભડકે બાળવાની ફિરાકમાં છે. આ સંગઠનોમાં મુસ્લિમ લીગ જમ્મુ-કાશ્મીર (મસરત આલમ ગ્રૂપ) મુખ્ય છે કે જે કાશ્મીરમાં ભારત વિરોધી પરિબળોને ભડકાવીને તોફાનો કરાવવા ફાંફાં મારી રહ્યું છે. કેન્દ્ર સરકારે દેશ વિરોધી અને અલગતાવાદી પ્રવૃત્તિઓ જોર પકડે એ પહેલાં સાવચેતી વાપરીને મુસ્લિમ લીગ જમ્મુ-કાશ્મીર (મસરત આલમ ગ્રૂપ) પર પ્રતિબંધ મૂકી દીધો છે.

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે કરેલી જાહેરાત પ્રમાણે, મુસ્લિમ લીગ જમ્મુ-કાશ્મીર (મસરત આલમ ગ્રૂપ) રાષ્ટ્ર વિરોધી અને અલગતાવાદી પ્રવૃત્તિઓમાં સામેલ હોવાથી આ સંગઠન પર અનલોફુલ એક્ટિવિટીઝ પ્રીવેન્શન એક્ટ હેઠળ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. શાહના કહેવા પ્રમાણે, મસરત આલમ ગ્રૂપના સભ્યો આતંકવાદી પ્રવૃત્તિઓને ટેકો આપવા સિવાય લોકોને જમ્મુ અને કાશ્મીરમાં ઈસ્લામિક શાસન સ્થાપિત કરવા માટે ઉશ્કેરવાની પ્રવૃત્તિમાં પણ સામેલ છે તેથી પ્રતિબંધ મૂકી દેવાયો છે.

જમ્મુ અને કાશ્મીરમાં કોઈ સંગઠન દેશવિરોધી પ્રવૃત્તિ કે બીજા ધંધામાં સામેલ હોય એ નવી વાત નથી. તેમના પર પ્રતિબંધ મૂકાય એ પણ નવી વાત નથી પણ મુસ્લિમ લીગ જમ્મુ-કાશ્મીર (મસરત આલમ ગ્રૂપ) પર પ્રતિબંધ મોટી વાત છે કેમ કે જમ્મુ અને કાશ્મીરમાં છેલ્લા બે દાયકામાં ભારતને પરેશાન કરનારા જે નેતા આવ્યા તેમાં મસરત આલમ સૌથી ખતરનાક છે કેમ કે કાશ્મીરમાં કાયમી શાંતિ સ્થાપવામાં જે લોકો મુખ્ય અવરોધરૂપ છે તેમાં મસરત આલમ મુખ્ય છે. મુસ્લિમ લીગ જમ્મુ અને કાશ્મીર સંગઠનની રચના આ મસરત આલમ ભાટે કરેલી છે.

મસરત આલમ ૫૦ વર્ષનો છે અને નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ તેની સામે આતંકવાદી ફંડિંગ કેસમાં કેસ કર્યો હોવાથી મસરત ૨૦૧૯થી દિલ્હીની તિહાર જેલમાં બંધ છે પણ તેનું નેટવર્ક સક્રિય છે. કાશ્મીરમાં આતંકવાદી સંગઠનો છે એ ખતરનાક છે. પાકિસ્તાનના ઈશારે ભારતમાં આતંકવાદ ફેલાવતાં સંગઠનો લોકોને મારે છે, અશાંતિ ફેલાવે છે તેથી તેમને ખતરનાક ગણવાં જ પડે પણ મસરત આલમ તેમના કરતાં પણ ખતરનાક છે કેમ કે મસરત કાશ્મીરનાં લોકોને ભારતની વિરુદ્ધ કરે છે, કાશ્મીરના યુવાનોને ભારત સામે ઊભા કરે છે.

આ કારણે કાશ્મીરનાં મુસલમાનોનો એક મોટો વર્ગ આતંકવાદીઓ તરફ સહાનુભૂતિ ધરાવે છે, આતંકવાદીઓને મદદ કરે છે. કાશ્મીરમાં ભારત તરફ લોકો પર માત્ર આતંકવાદીઓ જ હુમલા કરે છે એવું નથી પણ એક ચોક્કસ વર્ગ શાંતિપૂર્ણ દેખાવોના નામે સતત ઉધામા કર્યા કરે છે, લશ્કર પર પથ્થરમારો કર્યા કરે છે ને બીજા પણ ધંધા કર્યા કરે છે. તેના કારણે કાશ્મીરમાં કાયમી શાંતિ સ્થપાતી જ નથી.

મસરત આલમની ઉંમર ૫૦ વરસની છે ને છેલ્લાં ૩૨ વરસથી એ કાશ્મીરના રાજકારણમાં સક્રિય છે. આ ૩૨ વરસમાંથી મોટા ભાગનો સમય તેણે જેલમાં કાઢ્યો છે. કાશ્મીરીઓ પોતે તેને પાકિસ્તાનની જાસૂસી સંસ્થા આઈએસઆઈનો પોસ્ટર બોય ગણાવે છે તેથી કાશ્મીરમાં જે પણ સરકાર આવે, પહેલું કામ આલમને અંદર કરવાનું કરે છે.

કાશ્મીર ખીણમાં ભારત વિરોધી ઝેર લોકોના માનસમાં ભર્યા કરતી હુર્રિયત કોન્ફરન્સના નેતા હઝરત શાહ ગિલાનીના પટ્ટશિષ્ય એવા મસરત આલમનો પક્ષ પાકિસ્તાનની સહાયથી જોરશોરથી ચાલે છે. ગિલાની જે રીતે ભારતનું ખાઈને આખી જીંદગી ભારતનું ખોદતા રહ્યા એ રીતે મસરત આલમ પણ ભારતમાં પડ્યોપાથર્યો રહીને ભારતની મેથી મારે છે. તેના કારણે એક સમયે તેને હુર્રિયત કોન્ફરન્સનો ભાવિ ચેરમેન માનવામાં આવતો હતો.. મસરત આલમ ૧૯૮૦ના દાયકાથી સક્રિય હોવાથી જેલની આવનજાવન ચાલુ થઈ ગયેલી. ૧૯૯૯માં તેને જેલમાં ધકેલાયો પછી દસ વરસ જેલમાં રહેલો.

૨૦૦૯માં નેશનલ કોન્ફરન્સના ઓમર અબ્દુલ્લા કોંગ્રેસના ટેકાથી મુખ્ય પ્રધાન બન્યા ત્યારે તેમણે મતબેન્કની લાલચમાં મસરત આલમને છોડી મૂકેલો. કોંગ્રેસે મસરતને છોડવા સામે કકળાટ કરી મૂકેલો પણ કાશ્મીર ખીણમાં પોતાનો પગદંડો જમાવવાની લ્હાયમાં ઓમર કોંગ્રેસને ઘોળીને પી ગયા ને મસરતને છોડી મૂક્યો.

મસરતે જેલમાંથી છૂટતાં જ જાત બતાવીને કાશ્મીર ખીણમાં ભડકો કરાવી દીધો. મસરતે બેફામ ભારત વિરોધી નિવેદનો ફટકારવા માંડ્યાં. તેણે ભારત વિરોધી લોકોને રસ્તા પર ઉતારીને પોલીસ ને લશ્કર પર પથ્થરમારો કરાવીને તેમને ભગાડવાની વ્યૂહરચના અમલમાં મૂકેલી. તેના કારણે કાશ્મીરમાં મોટા પાયે તોફાન ભડક્યાં ને ૧૨૦ નિર્દોષ લોકોએ જીવ ખોયા હતા. કાશ્મીરમાં જનજીવન ઠપ્પ થઈ ગયું હતું. આટલી ખુવારી પછી ઓમરને ભાન થયું કે મસરતને છોડીને ભૂલ કરી છે તેથી મસરતને અંદર કરી દીધો. મસરત અંદર જતાં જ બધું ધીરે ધીરે થાળે પડી ગયું.

૨૦૧૫માં મુફતી મોહમ્મદ સઈદે એ જ ભૂલ કરી. માર્ચ ૨૦૧૫માં ભાજપના ટેકાથી મહેબૂબા મુફતીના પિતા મુફતી મોહમ્મદ સઈદ કાશ્મીરના મુખ્ય પ્રધાન બન્યા ત્યારે ગાદી પર બેઠાના પહેલા જ મહિને ભાજપને સાવ કોડીનો કરી મૂકીને મસરત આલમને જેલમાંથી છોડી મૂકેલો. મુફતીના આ નિર્ણયથી બઘવાઈ ગયેલા ભાજપ ને કોંગ્રેસ બંનેએ મસરત આલમને છોડવા સામે કાગારોળ મચાવી દીધેલી પણ મુફતીએ તેમની વાત એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાંખેલી. ભાજપ સાથી પક્ષ હતો છતાં મસરત આલમને છોડતાં પહેલાં તેને પૂછવાનું સૌજન્ય બતાવવાની પણ તેમણે પરવા નહોતી કરી. મસરત છૂટ્યો પછી ભાજપે કકળાટ કર્યો પણ મુફતી તેમની વાત સાંભળવા સુદ્ધાં તૈયાર નહોતા.

મસરતે બહાર આવીને ફરી પથ્થરમારો શરૂ કરાવી દીધો. કાશ્મીર ભારતનો નહીં પણ પાકિસ્તાનનો પ્રદેશ હોય એવો માહોલ કાશ્મીર ખીણમાં પેદા કરી દીધો હતો. મસરત જેલમાંથી છૂટીને બહાર આવ્યો ત્યારે શ્રીનગરમાં ભવ્ય સરઘસ નીકળ્યું તેમાં ખુલ્લેઆમ પાકિસ્તાન ઝિંદાબાદના નારા લાગ્યા, પાકિસ્તાનના ઝંડા ફરકાવાયા. એ પછી ભારતીય લશ્કર ને પોલીસને પથ્થરો મારી મારીને ભગાડી મૂકવાનો ખેલ ફરી શરૂ થઈ ગયો. છેવટે ભાજપે લાલ આંખ કરતાં મુફતીએ મસરતને અંદર કરી દીધો પણ એ પહેલાં તેણે કાશ્મીરનો માહોલ એકદમ ખરાબ કરી દીધેલો.

ભાજપ શાણપણ વાપરીને મહેબૂબાની ચુંગાલમાંથી છૂટ્યો પછી મસરતને જેલમાં ધકેલી દીધો પણ તેના પોઠિયા હજુ બહાર ફરે છે. કાશ્મીરમાં ચૂંટણી કરાવવાની સરકારની યોજના છે ત્યારે એ બધા તોફાન કરીને માહોલ ના બગાડે એટલે તેમને અંકુશમાં લેવા જરૂરી હતા. મોદી સરકારે મસરતની પાર્ટી પર પ્રતિબંધ મૂકીને એ જ કર્યું છે.

# ચિતલ પોસ્ટ ઓફીસની તીજોરી તોડી રૂા.૩૪ હજારની ચોરી

## સબપોસ્ટ ઓફીસ અંદર કે બહાર સીસીટીવી કેમેરા ન હતા



ચિતલ, (હર્ષદ ત્રિવેદી) ચિતલ સબ પોસ્ટ ઓફીસના પોસ્ટ માસ્તર મુકેશ યુ. જોશીએ પોલિસમાં નોંધાવેલ ફરિયાદ મુજબ આજે સવારે ૨૯-૧૨ શુક્રવારના પોસ્ટ ઓફીસના પટાવાળા ઓફીસ ખોલતા તિજોરી તુટેલ હોય જેની જાણ પોસ્ટ માસ્તર મુકેશભાઈ જોશીને કરતા તેઓએ ઓફીસે પહોંચી પોતાના ઉપલા અધિકારીઓને તેમજ ચિતલ ઓપી જમાદાર જયરાજભાઈને જાણ કરી હતી. અને તીજોરીમાં મુકેલ રૂ/-.૩૪,૧૬૦ ની રકમ ચોરાયેલ હતી. અને તિજોરી તુટાયેલ હતી. તાલુકા પોલિસને જાણ થતા ઘટના સ્થળે દોડી આવેલ.કોઈ જાણ ભેદુએ રેકી કરી પોસ્ટ ઓફીસ પાછળના ભાગે બારીનો સળીયો તોડી અંદર પ્રવેશી કદાચ નાના ગેસનો બાટલો સાથે લઈ ગેસ કટરથી તિજોરી તોડી હોવાનું અનુમાન છે. પોસ્ટ ઓફીસ અંદર કે બહાર સીસીટીવી કેમેરા લગાવેલ ન હોવાથી કોઈ ઓળખ મળી શકી નથી.આ બનાવની તપાસ તાલુકા પી.એસ.આઈ. પી.બી. લકકડ ચલાવી રહયા છે.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા.૩૦.૧૨.૨૦૨૩ શનિવાર ,સંવંત ૨૦૮૦, માગશર વદ ત્રીજ, આશ્લેષા નક્ષત્ર, વિષ્કુમ્ભ યોગ, બવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ કર્ક (ડ,હ) રહેશે.

### ઘર કે ઓફિસની ઉર્જા તેના માલિક સાથે મેચ થતી હોવી જોઈએ

વાસ્તુ અને જ્યોતિષ સાથે મળીને એસ્ટ્રો વસ્તુ શાખાને જન્મ આપે છે ઘણીવાર એવું જોવા માં આવે છે કે ઘર કે ઓફિસ વાસ્તુ મુજબ હોવા છતાં તેના માલિકની પ્રગતિ અટકતી હોય છે કે કોઈ ને કોઈ સમસ્યાઓ આવતી રહેતી હોય છે એવા સમયે ઘર કે ઓફિસની ઉર્જા તેના માલિક સાથે મેચ થતી હોય તે પણ જરૂરી છે. મારી એક વાસ્તુ વિઝિટ દરમિયાન મેં જોયું કે ઘર મહદ અંશે વાસ્તુ મુજબ હોવા છતાં તેના માલિકને પરેશાની આવી રહી હતી તેનું કારણ દશમે રહેલ મૃગશીર્ષ નક્ષત્ર તેમને સપોર્ટ આપી શકતું ન હતું માટે દક્ષિણની દીવાલ પર મેં મૃગશીર્ષ નક્ષત્રના સિમ્બોલ સાથેનું પેઈન્ટિંગ લગાવવાનું સૂચન કર્યું જેથી દક્ષિણની ઉર્જા



તેમના માટે સકારાત્મક બને અને તે પછી તેમનું પ્રમોશન થયું! આમ ઘર કે ઓફિસની ઉર્જા તેના માલિકની ઉર્જા સાથે બેલેન્સ થવી જોઈએ તે મુખ્ય બાબત ધ્યાનમાં રાખવી જોઈએ પદ પ્રતિષ્ઠા માટે વાયવ્ય કોણ અને મુખ્ય વ્યક્તિના પંચમ ભુવનને મેચ કરવા જોઈએ અને તે મુજબ ઉપાય સૂચવવા જોઈએ લક્ષ્મી આગમન માટે માલિકની જન્મકુંડળી મુજબ શંખનો પ્રયોગ કરી શકાય આવી અનેક બાબતો અને નાના નાના ફેરફાર થી ઘરની કે ઓફિસની ઉર્જાને માલિકની ઉર્જા સાથે મેચ કરી શકાય જેથી ત્યાં રહેનાર સુખ શાંતિ સમૃદ્ધિ સાથે પ્રગતિ સાધી શકે જે એસ્ટ્રો વસ્તુની પાયાની બાબત છે!

મેષ (અ,લ,ઈ) : આંતરિક શક્તિ વધે, દિવ્ય ચેતનાનો વિકાસ થાય, લાભ આપતો દિવસ,પ્રગતિ થાય.
વૃષભ (બ,વ,ઉ) : ભાગ્યની દેવી રીઝતી જણાય,નવીન તક હાથ માં આવે,ધાર્યા કામ પાર પાડી શકો .
મિથુન (ક,છ,ઘ) : મનમાં ચીડિયાપણું રહે ,માનસિક વ્યગ્રતા રહે,મન નું ધાર્યું ના થાય,મધ્યમ દિવસ.
કર્ક (ડ,હ) : ભાગીદારીમાં કામ કરતા મિત્રો ને સારું રહે, દામ્પત્યજીવનમાં સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો.
સિંહ (મ,ટ) : તબિયતની કાળજી લેવી, ખાણી પીણી બાબત ધ્યાન રાખવા સલાહ છે, જીવનપદ્ધતિમાં ફેરફાર કરવા પડે.
કન્યા (પ ,ઠ ,ણ ) : પ્રણયમાર્ગે આગળ વધી શકો,મનની વાત વ્યક્ત કરી શકો. દિવસ ખુશનુમા વીતે.
તુલા (ર,ત) : તમારા પોતાના શોખ માટે સમય ફાળવી શકો, પરિવાર સાથે સમય વિતાવી શકો ,દિવસ આનંદ માં પસાર કરી શકો.
વૃશ્ચિક (ન ,ય ) : નવી પ્રતિભા કેળવી શકો, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો,આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
ધન (ધ ,ભ ,ફ ,ઢ ): તમારા સૌમ્ય વાણી-વર્તનથી લાભ થાય,નોકરિયાતવર્ગને સારું રહે, પ્રગતિકારક દિવસ રહે.
મકર (ખ ,જ ) : તમારા ક્ષેત્રમાં આગળ વધી શકો,વેપારીવર્ગને સારું રહે, સ્તિરવર્ગને મધ્યમ રહે,કામકાજમાં સફળતા મળે.
કુંભ (ગ ,સ,શ ) : ખર્ચ પર અંકુશ રાખવો પડે,આવક જાવક નો મેળ કરવો જરૂરી. વધુ વિશ્વાસે ના ચાલવું.
મીન (દ ,ચ ,ઝ ,થ): નસીબ સાથ આપતું જણાય , આકસ્મિત લાભ થાય,ગમતી વ્યક્તિ સાથે સમય વિતાવી શકો.

# વડિયાના રાંદલના દડવા ગામે પ્રૌઢાને બાઈકે હડફેટે લેતા સારવાર દરમિયાન મોત નિપજયું

## પુરઝડપે બેફીકરાઈથી બાઈક ચલાવી ગંભીર ઈજા કરી મોત નિપજાવ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઇ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) વડિયાના રાંદલના દડવા ગામે પટેલ સમાજની વાડી પાસે ઈન્દુબેન ભુપતભાઈ સાથળીયા પટેલ સમાજની વાડીએ મંજુરી કામે ગયેલ જે ઘરે પરત આવતા રોડ ઉપર બાબરાના ફુલજર ગામના લાલજી ગોવિંદભાઈ લુણાગરીયા પોતાનું બાઈક જી.જે. ૧૪ એ.એમ. ૮૨૧૧ પુરઝડપે અને બેફીકરાઈથી માનવ જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી ઈન્દુબેન સાથે ભટકાવી માથાના ભાગે ગંભીર ઈજા કરી શરીરે નાની મોટી ઈજાઓ કરી સારવાર દરમ્યાન મોત નિપજાવી અકસ્માત કરી નાસી ગયાની વડિયા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી જીલ્લામાં જુદા જુદા ત્રણ સ્થળોએ જુગારના દરોડા

## રોકડ અને મોબાઈલ મળી કુલ રૂ/.૫૪,૭૩૦ ના મુદામાલ સાથે ત્રણ મહિલા સહિત ૧૫ ઝડપાયા

અમરેલી,અમરેલી જીલ્લામાં જુદા જુદા ત્રણ સ્થળોએ પોલિસે જામેલી જુગારની બાજી પલ્ટાવી ત્રણ મહિલા સહિત ૧૫ શખ્સોને રેઈડ દરમ્યાન રોકડ અને મોબાઈલ મળી કુલ રૂ/ .૫૪,૭૩૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા. ખાંભા તાલુકાના ઘુંઘવાણા ગામે લાખાભાઈ ભગવાનભાઈ મકવાણાના રહેણાંક મકાનના ડેલા પાસે ખુલ્લી જગ્યામાં જાહેરમાં હારજીતનો જુગાર રમતા જયસુખ જોરૂભાઈ સોલંકી , મુકેશ ઉર્ફે, મુનો રામજીભાઈ રાઠોડ, વિજય જીવરાજભાઈ ચાવડા, ધર્મેશ જીણાભાઈ મકવાણા, ભાવેશ અરજણભાઈ વાઘેલા , શીવા વીરાભાઈ ગોહિલ, ગોરધન રામજીભાઈ રાઠોડ, હરજી દેસાભાઈ રાઠોડને પો. કોન્સ . મીતેશભાઈ વાળાએ રોકડ રૂ/.૧૦,૬૦૦, અલગ અલગ કંપનીના ૫ મોબાઈલ રૂ/.૨૧,૦૦૦ મળી કુલ રૂ/.૩૧,૬૦૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા., રાજુલા તવકકલ નગરમાં રહેતા સાલેભાઈ ઉંમરભાઈ જોખીયાના રહેણાંક મકાન પાસે જાહેર બજારમાં હારજીતનો જુગાર રમતા મેહરૂનબેન હનીફભાઈ શેખ ,સવિતાબેન ભરતભાઈ માળી , તેજલબેન ભરતભાઈ માળીને લોકરક્ષક પરેશભાઈ દાફડાએ રોકડ રૂ/.૧૨,૩૦૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા.જયારે લાઠી તાલુકાના સરકારી પીપળવા ગામે તળાવ પાસે આવેલ ખારામાં જાહેરમાં જુગાર રમતા કિશોર ભવાનભાઈ સાબળીયા, પ્રવિણ પરષોતભાઈ ગોહિલ, સંજય પરષોતમભાઈ જાદવ, અરવિંદ વાઘજીભાઈ ગોહિલને પો. કોન્સ. સુનિલભાઈ રાઠોડે રોકડ રૂ/.૧૦,૮૩૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા.

# ગાધકડામાં પ્લોટમાં દબાણ કરવાનીના પાડતા બે કુંટુંબીઓ વચ્ચે મારામારી સર્જાઇ

## કુંટુંબીઓએ ગેરાયદેસર મંડળી રચી હથીયારો ધારણ કરી મારમારી ધમકી આપી

અમરેલી,સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે રહેતા હરેશભાઈ જીવાભાઈ સોલંકી અને સામાવાળા એક જ કુંટુંબના હોય. હરેશભાઈનું ગાધકડા ગામે કલ્યાણપુર વિસ્તારમાં જુનું પડી ગયેલ મકાન આવેલ હોય. જે મકાનને અડીને સામેવાળાઓનું રહેણાંક મકાન આવેલ હોય. ત્યાં વીનુ ગોવિંદ સોલંકી નવા મકાનનું બાંધકામ કરતા હોય અને હરેશભાઈના પ્લોટમાં દબાણ કરતા દબાણ કરવાની ના પાડતા અને દિવાલ કાઢી નાખવાનું કહેતા દિવાલ કાઢી નાખવાની ના પાડતા નેહાબેન તથા નાનીબેને દિવાલમાંથી ઈંટો કાઢવાનું શરૂ કરતા વિનુ ગોવિંદભાઈ, અમરસિંહ ગોવિંદભાઈ સોલંકી હાથમાં ધારીયું અને ધોકા લઈ ભારતીબેન વિનુભાઈ, મણીબેન ગોવિંદભાઈ ,મનિષાબેન મુકેશભાઈ, દક્ષાબેન અમરશીભાઈ મુકેશ ગોવિંદભાઈ સોલંકી એક સંપ કરી ગેરકાયદેસર મંડળી રચી વિનુએ ધારીયા વડે તેમજ અમરશીએ ધોકા વડે નેહાબેનને પીઠ તથા ડાબા પડખામાં મુંઢમાર મારી ઈજા કરી અમરશીએ હરેશભાઈને ડાબા હાથે બાવડા ઉપર ધોકા વડે મુંઢમાર મારી ભારતીબેને ઈંટનો છુટો ઘા મારી નેહાબેનને પીઠના ભાગે ઈજા કરી અન્યોએ નાનીબેનને ઢીકાપાટુંનો મારમારી ઈજા કરી ધમકી આપ્યાની સાવરકુંડલા રૂરલ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.સામાપક્ષે વિનુભાઈ ગોવિંદભાઈ સોલંકીએ તેમના પ્લોટમાં જુનું મકાન પાડી નવા મકાનનું ચણતર કરતા હોય ત્યારે તેના કુંટુંબીઓ હરેશ જીવાભાઈ સોલંકીએ વિનુભાઈ તથા તેમના કુંટુંબને દિવાલ પાડવાની ના પાડતા કહેલ કે અમારા પ્લોટમાં દબાણ કરો છો જેથી વિનુભાઈએ કહેલ કે આપણે પ્લોટ મપાવી લઈએ.જેથી પ્લોટ માપવાની ના પાડી હરેશ જીવાભાઈ , નેહાબેન હરેશભાઈ , નાનીબેન જીવાભાઈએ ગાળો બોલી પાઈપ અને ત્રિકમ વડે વિનુભાઈ અને તેના કુંટુંબીઓને મારમારી ઈજા કર્યાની સાવરકુંડલા રૂરલ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### દાનેવ નગર વિસ્તારમાં બનેલી ઘટના

# બાબરામાં માલિકીના પ્લોટમાં પ્રવેશી પ્લેટો ઉખાડી ઈંટો પાડી નુકશાન કર્યુ

## ત્રણ મહિલા સહિત ચારે મળી બાંધકામ કરવા દેવું ન હોય જેથી રૂા. ૧૫ હજારનું નુકશાન કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

બાબરા દાનેવ નગરમાં વનરાજભાઈ પ્રતાપભાઈ બસીયા પોતાના માલિકીના પ્લોટમાં રહેણાંક મકાનનું બાંધકામ શરૂ હોય. દિનેશ ચૌહાણ , જસુબેન ચૌહાણ, મંજુબેન ચૌહાણ, તથા અજાણી મહિલાએ બાજુમાં રહેતા હોય અને તેમને બાંધકામ કરવા દેવું ન હોય જેથી આરોપીઓએ વનરાજભાઈની માલિકીના પ્લોટમાં ગેરકાયદેર પ્રવેશ કરી કુહાડા જેવા હથીયારો વડે દિવાલ પર બીમકોલમ બનાવવા લગાવેલ લોખંડની પ્લેટો ઉખાડી નાખી તેમજ ઈંટો પાડી રૂ/.૧૫,૦૦૦ નું નુકશાન કર્યાની બાબરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ધારીના સીવડ ગામે પતિ પત્નિ ઉપર હુમલો

## પતિ પત્નિએ લાકડી વડે મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) ધારી તાલુકાના સીવડ ગામે લઘરાભાઈ રવજીભાઈ પરમાર ઉ.વ.૩૦ તથા પત્નિ રંજનબેન અને તેમનો દિકરો ઘરે હાજર હોય. ત્યારે દિકરા રાજને રાજુ બાઘાભાઈ બારૈયાએ લઘરાભાઈના પત્નિ વિશે ખરાબ વાત કરેલ. જે અંગે રાજે ના પાડેલ કે મારા મમ્મીની ખોટી વાત કરવી નહી. જેથી રાજુ બાઘાભાઈએ રાજને માર મારેલ. તેમજ રાજુ તથા તેમના પત્નિ રેખાબેન રાજુભાઈ લઘરાભાઈના ઘરે જઈ લઘરાભાઈ અને તેમના પત્નિને ગાળો બોલી લાકડી વડે પતિ પત્નિને મારમારી લઘરાભાઈ અને તેના દિકરા રાજને મારી નાખવાની ધમકી આપ્યાની ધારી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### નાતાલ અને નવા વર્ષના તહેવારોને ધ્યાને લઈ

# જુનાગઢમાં પોલિસ દ્વારા ટ્રાફિક અને પ્રોહીબીશન ડ્રાઈવ યોજાઇ

## ટ્રાફિકનો ભંગ કરનાર ૧૩૭ તથા પ્રોહીબીશનને લગત ૧૬ શખ્સો સામે પોલીસે કાર્યવાહી કરી

જુનાગઢ, (હિતેશ પારેખ) નાતાલ અને નવા વર્ષના તહેવારોને ધ્યાને લઈ જીલ્લામાં તહેવારોની ઉજવણી શાંતિપુર્ણ થાય તે માટે નાયબ પોલિસ મહાનિરિક્ષક નિલેશ જાજડીયાની સુચના અને પોલિસ અધિક્ષક હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ જુનાગઢ પોલિસ દ્વારા ટ્રાફીક અને પ્રોહીબીશન ડ્રાઈવ યોજી ટ્રાફીકનો ભંગ કરનાર ૧૩૭ તથા પ્રોહીબીશનને લગત ૧૬ શખ્સો સામે કાર્યવાહી કરી હતી. ડ્રાઈવ દરમ્યાન મહિલા વાહન ચાલકો , બાળકો સાથે ડ્રાઈવ કરતા ફેમેલી સભ્યો સાથેના વાહન ચાલકો તથા શહેર અને જીલ્લાના સજજન નાગરીકોને વાહન ચેકીંગથી હેરાનગતિ કે કનડગત ન થાય તે અંગે વિશેષ ધ્યાન આપવામાં આવેલ.

## ચલાલા બસસ્ટેન્ડમાં મોબાઈલ ચોરાયો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) ચલાલા બસસ્ટેન્ડમાં મુળ ચલાલા હાલ સાવરકુંડલા રહેતા રતીલાલ સોમાભાઈ રાઠોડ ચલાલા બસસ્ટેન્ડે બસમાંથી ઉતરતા વીવો કંપનીનો રૂ/.૮૦૦૦ ની કિંમતનો મોબાઈલ કોઈ ચોરી ગયાની ચલાલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સાવરકુંડલાના સીટી સર્વેમાં બાકી નામો દાખલ કરવા હુકમ કરાયો

## એડવોકેટ જીતેન્દ્રભાઇ રાઠોડની દલીલો ગ્રાહ્ય રાખી



સાવરકુંડલા, સાવરકુંડલામાં સિટી સર્વે કચેરીમાં બાકી રહેલા નામો દાખલ કરાવા હુકમ કરેલ છે આ અંગે જાણવા મળતી વિગત અનુસાર સાવરકુંડલાવાળા ધ્વારા સીટી સર્વે સૂપ્રિન્ટેન્ટ અને એડીશનલ, મામશ્રીની કોર્ટમાં કેસ નં.સીટીએસ/સા.કુ-૧/રી.કે.ન.૨૩/૨૦૧૪-૧૫ના કેસમાં વિવાદીશ્રી જગજીવનભાઈ ભવાનભાઈ વાળા રહે. સાવસ્કુંડલાના વકીલશ્રી ધ્વારા ધારદાર-રજુઆતો તથા દલીલ કરી તે કેસમાં વિવ તરફે સીટી સર્વે કચેરીમાં બાકી રહેલ નામો દાખલ કરાવવા હૂકમ કરેલ હોય અને આ કેસમાં અનેક ધાર-દાર-દલીલો કરી હતી જે ગ્રાહ્ય રાખવામાં આવ્યાનું જણાવ્યું છે.

# છતડીયામાં દારૂના ધંધાર્થીએ જ દારૂનું દુષણ ન થવા દેવા માટે પ્રતિજ્ઞા લીધી

## જેની ઉપર નવ જેટલા દારૂના ગુન્હા હતા તે દારૂના ધંધાર્થીએ જ ગામના ચોરે ગ્રામજનો સાથે પ્રતિકરૂપે કોથળીઓમાં પ્રવાહી જાહેરમાં ઢોળી વેચાણ કે સેવન નહી કરવા નિર્ણય લીધો

અમરેલી,

તા.૨૮/૧૨/૨૦૨૩ સોશ્યલ મીડીયા મારફતે જેમા વ્હોટસએપ ગૃપમા ચાર જેટલા વીડીયો વાયરલ કરેલ હોય, જેમા રાત્રીનો સમય હોય અને આશરે કેટલાક માણસો ગામના મુખ્ય ચોરા પર હાજર રહી અને જાહેરમા પ્લાસ્ટીકની કોથળીઓમાથી પ્રવાહી જાહેરમા ઢોળી અને હવે પછી ગામમા દારૂનુ વેચાણ નહી થાય કે કોઇ દારૂનુ સેવન નહી કરે જો કોઇ આવુ કરશે તો તેને નાતની બહાર કરવામા આવશે બોલતા હોય જે વીડીયો છતડીયા ગામ તા.ધારી જી.અમરેલી નો હોય અને ગઈ તા.૨૭/૧૨/૨૦૨૩ ના રાત્રીના આશરે દસેક વાગ્યાના અરસાનો હોય જેમા છતડીયા ગામના અલગ-અલગ આગેવાનો દ્વારા ભેગા મળી છતડીયા ગામના ચોરા પાસે પ્લાસ્ટીકની કોથળીઓ મારફતે દારૂનો નાશ કરી ઉપરોક્ત સુત્રો ઉચ્ચારી અને આ વીડીયો બનાવેલા હોય તેમ જણાવી વીડીયોને સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ પર વ્હોટસએપ મારફતે વાયરલ કરેલ હોય, જેથી સદરહું બનાવ અંગે ધારી પોલીસ સ્ટેશન સ્ટાફ દ્વારા છતડીયા ગામે જઈ સદરહું બનાવ બાબતે ગામ લોકોને રૂબરૂ મળી પુછ પરછ કરતા હકીકત જાણવા મળેલ કે, ગઈ તા.૨૭/૧૨/૨૦૨૩ના ત્રીના આશરે ૧૦/૦૦ વાગ્યે છતડીયા ગામના ચોરા પાસે ગામના લોકો એકઠા થઇ ગામમા રહેલ દારૂ પીવા અંગેના દુષણને દુર કરવાનુ નક્કી કરેલ જેથી ગામના તમામ સમાજના લોકો ભેગા મળી નક્કી કરેલ કે હવે પછી આપણા ગામમા કોઈએ પણ દારૂ પીવાનો નથી કે કોઈએ દારૂ વેચવાનો નથી જો કોઈ આવુ કરશે તો ગામલોકો તેના વિરૂધ્ધ યોગ્ય કાયદાકીય કાર્યવાહી કરશે. જે ચર્ચા થયા બાદ છતડીયા ગામના રહેવાસી રાજુભાઇ બચુભાઇ જાળેરા નાઓએ પ્રતિક સ્વરૂપે પ્લાસ્ટીકની કોથળીઓ મેળવી બધા લોકો વચ્ચે જાહેરમા કોથળીમાથી પ્રવાહીને ઢોળી નાખેલ અને હવે પછી કોઇ દારૂનુ સેવન નહી કરે કે વેચાણ નહી કરે તથા વીડીયોમા જણાવેલ કે ૨૦૦ લીટર જેટલા દેશી દારૂનો નાશ કરેલ છે. જે બાબતે તપાસ કરતા ગ્રામજનોની પુછ પરછ કરતા ગ્રામજનોએ પોતાના નિવેદનોમા જણાવેલ કે, સદરહું જાહેર જગ્યાએ કોઇ ૨૦૦ લીટર જેટલો દેશી દારૂ હતો નહી કે કોઇએ ૨૦૦ લીટર દેશી દારૂ લાવી નાશ કરેલ નથી. ફકત પ્રતિક સ્વરૂપે પ્લાસ્ટીકની કોથળીમાથી પ્રવાહી ઢોળી અને દારૂનુ સેવન તથા વેચાણ હવે પછી ગામમા ન થાય તે અંગે ગ્રામજનોએ દ્રઢ નિશ્ચય લીધેલ છે. અને આ કોઇ જનતા રેડ નથી ગામ લોકોએ સાથે મળી સ્વેચ્છીક રીતે આ નિર્ણય લીધેલ છે જે અંગેની હકીકત તપાસ કરતા જણાય આવેલ છે. અને ગામમા બીજો કોઇ બનાવ બનેલ નથી. અને વાયરલ થયેલ વીડીયોમા છતડીયા ગામના રાજુભાઇ બચુભાઇ જાળેરા પ્લાસ્ટીકની કોથળીમાથી પ્રવાહી ઢોળી રહેલા છે તેના વિરૂધ્ધ ધારી પો.સ્ટે.મા કુલ ૦૯ જેટલા પ્રોહીબીશનના કબજાના ગુન્હાઓ રજીસ્ટર થયેલા છે અને તેઓએ સ્વૈચ્છિક પોતે હવેથી દારૂનુ સેવન ન કરવા જાગ્રુતિ કરવાના ઉદ્દેશ્યથી પોતે ગ્રામજનો સાથી ભેગા મળી વિડિયો બનાવેલ હોય આ સિવાય અન્ય કોઇ ગેરકાયદેસર પ્રવ્રુતિ થયા હોવાનુ તપાસ દરમિયાન જણાઈ આવેલ નથી.

# લીલીયાના ગુંદરણમાં મનરેગા યોજના હેઠળ તાત્કાલ કામ શરૂ કરવા માંગણી

## અગ્રણીશ્રી કિશોરભાઈ પરમાર દ્વારા કલેક્ટર મામલતદાર અને ટીડીઓને રજુઆત કરાઇ

અમરેલી,

લીલીયા તાલુકાના ગુંદરણ ગામના કિશોરભાઈ કાનજીભાઈ પરમારે ગુંદરણ ગામે મનરેગા યોજના હેઠળ તાત્કાલિક ધોરણે રાહતકામ શરૂ કરવા જીલ્લા કલેકટર તેમજ લીલીયાના મામલતદાર અને ટીડીઓને રજુઆત કરી છે. જેમાં પોતાના પરીવારને આ વર્ષે ખેતીમાં કપાસ નિષ્ફળ જવાથી મજુરી કામ મળતું ન હોવાથી છેલ્લા બે માસથી રોજગારી વગર બેકાર બેઠેલ હોય. જેથી મનરેગા હેઠળ તાત્કાલિક ધોરણે કામ શરૂ કરવા રજુઆત કરવામાં આવી છે.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૧૦૯૦ થી ૧૪૬૧ મગફળી ૧૧૦૦ થી ૧૪૮૧

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૮૬૫-૧૩૦૫
શિંગમોટી-૧૧૦૦-૧૪૮૧
અડદ-૧૬૨૦-૧૮૫૫
તલસફેદ-૧૯૧૯-૩૨૬૦
તલકાળા-૨૯૯૦-૩૨૬૦
બાજરો-૪૬૦-૫૦૫
ઘઉંટુકડા-૪૯૪-૬૨૧
ઘઉંલોકવન-૪૯૩-૫૮૦
એરંડા-૭૧૫-૧૧૧૫
ચણા-૯૪૦-૧૧૧૦
કપાસ-૧૦૯૦-૧૪૬૧
જુવાર-૭૦૨-૧૧૫૯
મગ-૧૨૦૦-૧૮૬૧
ધાણા-૮૦૦-૧૪૧૩
સોયાબીન-૮૫૦-૯૨૫
તુવેર-૧૨૭૫-૧૯૭૨
મરચાલાંબા-૧૦૦૦-૩૨૧૦

**અમરેલી શાકભાજી**
બટેટા-૧૮૦-૩૨૦
રીંગણા-૪૫૦-૫૭૦
ફલાવર-૩૦૦-૩૫૦
કોબીઝ-૨૦૦-૨૬૦
ટમેટાં-૧૮૦-૨૫૦
સુરણ-૬૫૦-૭૦૦
ગાજર-૩૨૦-૪૩૦
દુધી-૧૬૦-૨૨૦
કારેલા-૭૦૦-૮૦૦
ગલકા-૭૦૦-૮૦૦
કાકડી-૫૦૦-૬૦૦
ગુવાર-૧૨૫૦-૧૪૦૦
ચોળાલીલા-૬૫૦-૭૩૦
તુરીયા-૯૦૦-૧૦૦૦
ભીંડો-૯૫૦-૧૦૦૦
આદુ-૧૮૦૦-૨૧૦૦
કોથમીર-૩૦૦-૪૦૦
મેથીભાજી-૪૫૦-૫૫૦
ટીંડોરા-૬૦૦-૭૦૦
લીમડોમીઠો-૮૦-૧૦૦
મરચાલીલા-૬૦૦-૭૫૦
લસણસુકું-૨૮૦૦-૩૮૦૦
લીંબુ-૬૦૦-૭૫૦
પાલક-૩૦૦-૪૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૨૫-૫૧૨
જુવાર-૭૦૧-૧૦૪૧
ઘંઉ-૪૭૫-૬૩૨
મગ-૧૯૨૪-૨૪૦૦
ચણા-૮૮૨-૧૨૦૧
સોયાબીન-૮૫૧-૮૭૧
શીંગ-૭૦૧-૧૪૨૦
તલસફેદ-૨૮૫૦-૩૩૦૦
અડદ-૧૫૦૦-૧૫૦૦
કપાસ-૧૦૫૦-૧૪૫૧

**મહુવાયાર્ડ**
શીંગ-૧૨૭૧-૧૩૭૨
શીંગજી-૧૨૬૮-૧૪૬૩
જુવાર ૫૭૮-૧૨૧૮
તલ-૨૫૨૬-૨૯૫૫
બાજરો-૪૭૯-૨૨૦૧
મગ-૧૭૨૦-૨૭૧૫
નાળીયેર-૩૯૨-૧૭૬૦
ચણા-૮૭૦-૧૦૫૪
મકાઈ-૩૬૮-૩૬૮
અડદ-૧૦૭૦-૧૯૫૮
સોયાબીન-૮૦૦-૯૧૧

**બાબરા**
કપાસ-૧૧૩૦-૧૪૬૦
ઘઉં-૪૬૪-૫૩૬
ચણા-૯૫૫-૯૮૫
અડદ-૧૫૩૦-૧૮૦૦
મગફળી-૧૨૫૫-૧૩૩૫
સોયાબીન-૮૫૬-૮૭૪

**ધારી**
કપાસ-૧૦૧૫-૧૪૬૨
મગફળી-૧૦૫૦-૧૨૮૫
ઘઉં-૫૪૦-૫૪૫
તુવેર-૧૩૯૬-૧૯૦૦
ચણા-૯૫૦-૯૫૦
સોયાબીન-૮૪૬-૮૪૬
જુવાર-૭૦૫-૭૦૫
ધાણા-૧૩૧૦-૧૩૧૦
અડદ-૧૭૩૦-૧૭૩૦

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૨૫૧-૧૪૨૧
તલસફેદ-૨૫૦૦-૩૨૦૦
જુવાર-૭૫૦-૧૦૬૯
તુવેર-૧૫૫૧-૧૯૯૯
કપાસ-૧૨૫૧-૧૪૭૫
ઘઉં-૫૦૦-૫૮૪
બાજરો-૪૨૧-૫૧૧
મગ-૧૫૦૦-૧૮૧૫
ચણા-૮૫૫-૧૦૭૫
સોયાબીન-૮૫૦-૯૦૪
ધાણા-૧૧૫૦-૧૩૦૧

**ખાંભા**
કપાસ-૧૨૧૫-૧૪૩૧
મગફળી-૧૧૧૧-૧૩૧૧
ઘઉં-૪૭૦-૫૩૭
મકાઈ-૩૦૦-૩૦૦
સોયાબીન-૮૫૦-૮૫૦
તલસફેદ-૩૧૨૬-૩૧૨૬
તલકાળા-૨૭૫૦-૨૭૫૦

**બગસરાયાર્ડ**
કપાસ-૧૧૫૦-૧૪૫૦
ચણા-૯૦૦-૧૦૯૫
ઘઉં-૪૬૨-૫૩૬
લસણ-૧૭૦૦-૨૩૫૦
સોયાબીન-૭૦૦-૮૫૬
અડદ-૧૫૦૦-૧૫૦૦
તલસફેદ-૨૮૨૬-૩૦૨૫
શીંગદાણા-૧૪૪૫-૧૪૪૫

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૪૦૦-૧૦૦૦
દાડમ-૩૦૦-૧૪૦૦
મુસંબી-૪૦૦-૮૦૦
જામફળ-૨૦૦-૮૦૦
સંતરા-૪૦૦-૬૦૦
કીવી-૩૦૦૦-૫૦૦૦
ડ્રેગન ફ્રુટ-૧૮૦૦-૨૨૦૦
સીતાફળ-૪૦૦-૧૦૦૦
કેળા-૪૦૦-૬૦૦
પોપૈયા-૨૦૦-૩૦૦
સ.કાશ્મીર-૧૨૦૦-૨૦૦૦
અનાનસ-૮૦૦-૯૦૦
અંગુર-૧૦૦૦-૨૦૦૦

**લીલીયા**
કપાસ-૧૦૦૦-૧૪૬૦

## અમરેલી રૂપસાગર સોસાયટીમાંથી બાઈક ચોરાયું

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)અમરેલી કેરીયારોડ રૂપસાગર સોસાયટીમાં ચિંતનભાઈ યોગેશભાઈ વ્યાસ વીમા એજન્ટ પોતાના કાકા વિપુલભાઈ કનુભાઈ દવેનું હીરો પેશન જી.જે. ૧૪ એ.સી. ૫૬૮૫ નું રૂ/.૩૫,૦૦૦ ની કિંમતનું ઘરબહાર પાર્ક કરેલ જે તા. ૨૫-૧૨ ના રાત્રિ દરમ્યાન કોઈ ચોરી કરી ગયાની અમરેલી તાલુકા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## પોલિસ પ્રજાનો મિત્ર સુત્રને સાર્થક કરતી જુનાગઢ પોલિસ



જુનાગઢ, અરજીઓ અનુસંધાને અસરકારક કામગીરી કરવા જણાવેલ હોય તે અનુસંધાને વિભાગીય પોલિસ અધિક્ષક શ્રી ધાંધલીયાની સુચના મુજબ પી.આઈ. શ્રી સાવજની સુચના મુજબ એ. ડિવિઝન પી.એસ.આઈ.આર.પી. ચુડાસમાના માર્ગદર્શન હેઠળ હે. કોન્સ . એસ.બી. રાઠોડ, નિલેશભાઈ ચૌહાણ દ્વારા અરજદાર નીશાબેન જસ્મીનભાઈ વિઠલાણીનો વીવો કંપનીનો રૂ/ .૧૮,૫૦૦ નો મોબાઈલ ગુમ થતા ટેકનીકલ સોર્સના માધ્યમથી મોબાઈલ ફોન મળી આવતા બીલની ખરાઈ કરી મુળ માલિકને પરત કર્યો હતો.

## અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન ૩૨.૫
ન્યુનતમ તાપમાન ૧૫.૭
ભેજનું પ્રમાણ ૧૦૦
પવનની ગતિ સરેરાશ-૫.૭

## વંડા હાઇસ્કુલમાં સમુહ ભોજન કાર્યક્રમ યોજાયો



વંડા,ગત તા.૨૨ ડીસેમ્બરના રોજ શ્રી પી.પી.એસ.હાઈસ્કૂલ-વંડામાં શાળા દ્વારા સમુહ ભોજન કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યુ હતું.જે અંતર્ગત શાળાના શિક્ષક શ્રી પ્રહલાદભાઈ ચૌહાણ,તથા હીરેનભાઈ ડાભીએ ૬૦૦ વિધાર્થી ભાઈ બહેનો માટે પાંવભાજી બનાવીહતી. શિક્ષીકાશ્રી નીતાબેન ભટ્ટે રૂ.૫૦૦૦ની ભેટ આપી તમામ બાળકો માટે છાશની વ્યવસ્થા કરી આપી હતી.કાર્યક્રમના અંતે સમગ્ર સફાઈનું કામ સ્વયંસેવક બહેનો સાથે મળી શ્રીમનોરમાબહેન,અલ્પાબહેન,રશ્મિબહેન, ઉમાબહેને સંભાળ્યું હતું. આચાર્ય શ્રી સંજયભાઈએ તમામ સ્ટાફ તેમજ સ્વયંસેવક ભાઈ બહેનોને સુંદર કામગીરી બદલ ધન્યવાદ પાઠવ્યા હતા.

## રામપરાના મહંતશ્રી રાજેન્દ્રબાપુને અયોધ્યાનું આમંત્રણ અપાયું



રાજુલા,રાજુલા તાલુકાના રામપરા ગામના નિર્મોહી પંચ અખાડાના ૧૦૦૮ રાજેન્દ્ર બાપુને એકમાત્ર ને રામ ભૂમિ ઉદ્ઘાટનમાં આમંત્રણ અપાયું છે.તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા મુખ્યમંત્રી શ્રી આદિત્યનાથ તથા શેરનાથ બાપુ વગેરેના સીધા સંપર્કમાં છે સાધુ-સંતોમાં અને આમ જનતામાં બાપુ સર્વના સંપર્કમાં છે તેમના આશ્રમે કાર્યક્રમ અવારનવાર થતા હોય છે જેને કારણે રાજુલા તાલુકામાંથી એકમાત્ર ૨૨ તારીખે રાજેન્દ્ર બાપુ અને મોરારીબાપુ ને આમંત્રણ વડાપ્રધાન કાર્યાલય તરફથી આયુ છે એકમાત્ર અયોધ્યા ઉત્સવમાં જવા માટેનું આમંત્રણ કાર્ડ ખાસ રાજેન્દ્ર બાપુ ને મોકલવામાં આવ્યું છે

## અલ્ટ્રાટેક દ્વારા મહિલા સુરક્ષા જાગૃતિ કાર્યક્રમ યોજાયો



રાજુલા,અલ્ટ્રાટેક સિમેન્ટ ના ૮૫૨ વિભાગ દ્વારા મહિલા શશક્તિકરણ પર હમેશા ભાર મુકાય છે વિવિધ રોજગાર લક્ષી તાલીમ સિવાય,બેન્કિંગ, માર્કેટિંગ, વ્યક્તિત્વ વિકાસ તથા મહિલા સુરક્ષા અંગે વિવિધ જાગૃતતા કાર્યક્રમ નું આયોજન થતું રહે છે .જે અંતર્ગત રાજુલા પીપાવાવ મરિન પોલીસ સ્ટેશન ના શ્રી હિંમતભાઈ રાઠોડ (૬૫)તથા મહિલા અધિકારી શ્રી મહિમા હિમાંસીયા (૦૮) દ્વારા આસપાસ ના ગામો જેવાકે કોવાયા, ભાકોદર, બાબરકોટ જેવા ગામો ની ૨૨ જેટલી બહેનો એ ભાગ લીધો જેમાં અસામાજિક તત્વો દ્વારા બહેનો ને થતી કનડગતિ ,વિવિધ લોભામણી સ્કીમ દ્વારા છેતરપીંડી ,સાઈબરક્રાઈમ , વગેરે અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

## જુના વાઘાણીયાના અવધ ટાઇમ્સના પત્રકાર શ્રી મગનભાઇ સરવૈયાનો આજે જન્મદિન

### શ્રી મગનભાઇ આજે ૬૪ પુરા કરી ૬૫માં વર્ષમાં પ્રવેશ કરશે



જુના વાઘાણીયા,જુના વાઘાણીયાના અવધ ટાઇમ્સના પત્રકાર મગનભાઈ જીવરાજભાઈ સરવૈયાનો આજે જન્મ દિવસ છે તેમણે આજે ૬૪ વર્ષ પુરા કરી ૬૫માં વર્ષમાં મંગલ પ્રવેશ કરતા તેમના મિત્રો સગા સ્નેહીઓ વિવિધ આગેવાનો દ્વારા મો.નં.૯૭૨૭૪ ૯૪૪૮૧ ઉપર શુભકામનાઓનો ધોધ વહેતો થશે.

## વઢેરામાં સુર્યનમસ્કાર સ્પર્ધા યોજાઇ



જાફરાબાદ,શ્રી વઢેરા પ્રાથમિક શાળાની જાનવી ડોડીયા જાફરાબાદ તાલુકા કક્ષાની સૂર્યનમસ્કાર સ્પર્ધા માં પ્રથમ આવેલ છે. (૯થી૧૮ વય કક્ષા)માં પ્રથમ.જાફરાબાદની પારેખ અને મહેતા હાઈસ્કૂલમાં તા.૨૩/૧૨/૨૦૨૩ના રોજ તાલુકા કક્ષાની સૂર્યનમસ્કાર સ્પર્ધાનું આયોજન કેટેગરી વાઈઝ કરવામાં આવેલ હતું,જેમાં શ્રી વઢેરા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની જાનવી ગોવિંદભાઈ ડોડીયા પ્રથમ નંબર લાવી સમગ્ર વઢેરા ગામનું ગૌરવ અપાવતી સિદ્ધી હાંસલ કરી છે.

## લાઠીમાં સુશાસન દિવસની ઉજવણી કરાઇ



લાઠી,(વિશાલ ડોડીયા)દેશના પૂર્વ વડાપ્રધાન, ભારતરત્ન, શ્રદ્ધેય અટલબિહારી વાજપેયીજીની જન્મજયંતિ સુશાસન દિવસના અવસરે સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ અમરેલી જિલ્લા ના સંયોજકોએ સ્વચ્છ ભારત અભિયાનમાં ભાગ લઈ શ્રમદાન કર્યું આ કાર્યક્રમ લાઠી સિવિલ હોસ્પિટલના પટાણગાનમાં કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ માં બ્રિજરાજસિંહ ગોહિલ , ધાર્મિકભાઈ રામાણી , રાજુભાઈ ભુવા , ચેતનભાઈ મકવાણા , રાજુભાઈ મોતીસરિયા , જયેશભાઈ ઠાકર હાજર રહ્યા હતા કાર્યક્રમને સફળ બનાવવા માટે લાઠી યુવક બોર્ડ સંયોજક રોમિત કોટડીયા એ ભારે જેહમત ઉઠાવી હતી.

## સાવરકુંડલામાં ત્રયોદસી પર્વની ઉજવણી

સાવરકુંડલા,સાવરકુંડલા ખાતે શિક્ષણ સાહિત્ય અને સેવા ત્રીસત્ય ને સમર્પિત શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન ગરીમામય તેર વર્ષ પૂર્ણ કરે છે. જેને અનુસંધાને ૧૦ અને ૧૧ જાન્યુઆરીએ નાટ્ય પર્વ સાહિત્ય શિક્ષણ સન્માન પર્વ રૂપે પર્વ ત્રયોદશી નું આયોજન કરે છે અને આ કાર્યક્રમ બાદ લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં ઘૂંટણ અને થાપાના સાંધા બદલવાના ઓપરેશન નો વિભાગ મોરારીબાપુ ના હસ્તે લોકાર્પણ થશે.. જ્યારે નાટ્ય પર્વ તે મોદી હાઈસ્કૂલમાં યોજાશે.

## સાવરકુંડલામાં જરૂરિયાતમંદોને ઉદારતા ટ્રસ્ટની અનેરી સેવા

સાવરકુંડલા,ઉદારતા ચેરીટેબલ ટ્રસ્ટ ચલાવતા સેવાભાવી દિકરી ધારાબેન ગોહિલ કે જેઓ જરૂરિયાતમંદ બાળકોને ફ્રી શિક્ષણ પૂરું પાડે છે અને આ બાળકોની તમામ જવાબદારી જેવી કે પાઠ્યપુસ્તકો સ્કૂલબેગ સ્કૂલ યુનિફોર્મ સ્કૂલમાં એડમિશન અપાવવું તેમજ સમય અનુસાર આજે ખૂબ જ ઠંડી પડી રહે છે ત્યારે આ ક્લાસીસ ની અંદર આવતા તમામ નાના બાળકોને ગરમ કપડાનું વિતરણ કરવામાં આવેલ જેમાં ફ્રી શિક્ષણ આપી રહ્યાં છે એવાં જાનવી બેન શિયાળ માધવી બેન હરિયાણી કૌશિકભાઈ ગોહિલ.તૃષાબેન મહેતા જાગૃતિ બેન વાઘેલા.હિતેન ભાઈ ચૌહાણ તેમજ તેમજ હંમેશા મદદરૂપ થતા એવા દક્ષાબેન ચોટલીયા તેમજ સાવરકુંડલા મામલતદાર કચેરીના એટીવીટી વિભાગના મામલતદાર ઓપરેટરો તેમજ જે નામી અનામી લોકોએ મદદ કરી છે .

## સાવરકુંડલામાં ઉડતી ધુળ આંખ માટે નુકશાન કારક

સાવરકુંડલા,સાવરકુંડલા શહેર કોંગ્રેસ પ્રમુખ વિજયભાઈ ડોડીયા એ સાવરકુંડલાના ચીફ ઓફિસરને પત્ર પાઠવીને રજૂઆત કરી હતી કે અમરેલી રોડ ઘણા સમયથી છે માત્ર માટી પાથરવામાં આવેલ નાના મોટા વાહનો ચાલવાથી આ રોડ પર બહુ ધૂળ ઉડવાનું પ્રમાણ વધી રહ્યું છે જેના કારણે અનેક લોકોને આરોગ્ય માટે ખૂબ જ નુકસાન થઈ રહ્યું છે ગેસ કંપની દ્વારા પાણીના છંટકાવ કરે અને પછી પુરાણ કરવામાં આવે તેવી રજૂઆત કરી હતી.

## જુનાગઢ ભવનાથમાં બાળકનું માતા પિતા સાથે મિલન કરાવ્યું



જુનાગઢ, અંબાજી મંદિરના પટાંગણમાં એક ત્રણ વર્ષનો નાનો બાળક તેના માતા પિતાથી વિખુટી પડી રડતું હોય. તેને છાનું રાખી નામઠામ પુછતા હિન્દી ભાષામાં તુટક તુટક બોલતો હોય. જેથી દુકાનવાળા ડોળીવાળા તથા આવતા જતા યાત્રાળુઓને તમામ જગ્યાએ માતા પિતાની શોધખોળ કરી અંબાજી મંદિરથી ૧૦૦૦ પગથીયા નીચે આવેલ જૈન દેરાસર ખાતે મળી આવેલ. વાલી ડો. હની જૈન, ઉ.વ. ૩૬ રહેવાસી એમ.પી. ભોપાલવાળાની સાથે મિલન કરાવી આપતા જુનાગઢ પોલિસ ટીમનો આભાર વ્યકત કરેલ.

## સાવરકુંડલામાં ગીતા જયંતી ઉજવાઇ



સાવરકુંડલા,શ્રી ભાગવત ગીતા ની જન્મ જયંતી હોય તે નિમિત્તે શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ના સંતો શિક્ષકો વિદ્યાર્થી મિત્રો એ ભવ્યાથી ભવ્ય ગીતા જયંતી ની ઉજવણી કરી તથા ગીતા જયંતી અંતર્ગત વિદ્યાર્થીઓમાં સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શાસ્ત્રી સ્વામી ભગવતપ્રસાદદાસજી તથા પ્રમુખ શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રસાદદાસજી તેમજ કોઠારી સ્વામી શ્રી અક્ષર મુક્ત દાસજી અને અન્ય મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

## સુરતની ક્રિકેટ ટૂર્નામેન્ટમાં અમરેલી ચેમ્પિયન



અમરેલી,
કરૂણાનંદ યુવા ક્રિકેટ ટીમ સુરત દ્વારા આયોજીત 'કરૂણાનંદ પ્રિમિયર લીગ'(KPL) ડે-નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનું તા. ૨૩ અને ૨૪ ડિસેમ્બર - ૨૦૨૩ (શનિવાર - રવિવાર)નાં રોજ સુરત મહાનગર ભાજપના યુવા અગ્રણી સતિષ મૈસુરિયાના વડપણ હેઠળ સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં ગુજરાતભરથી ૧૬ ટીમો તેમજ ૨૦૦ જેટલાં યુવા ખેલાડીઓએ ભાગ લીધો હતો. અમરેલી જીલ્લાની ટીમ ચેમ્પિયન બની હતી. મહાદેવ સ્ટ્રાઈકર અમરેલી કેપ્ટન ગિરીશ સરવૈયાના નેતૃત્વમાં વાઈસ કેપ્ટન જય શેલારે શાનદાર દેખાવ કરી મેન ઓફ ધ સિરીઝ બનેલ, ટીમનાં બધાં ખેલાડીઓએ ઓલ રાઉન્ડ પર્ફોર્મન્સ કર્યું હતું. સતત બીજાં વર્ષે વિજેતા થયેલ મહાદેવ સ્ટ્રાઈકર અમરેલી ટીમને સાવરકુંડલાના સેવાભાવી સમાજ સેવક અને લાયન્સ કલબના પ્રેસિડેન્ટ કમલ શેલાર, નાઈ સમાજ સેવા ટ્રસ્ટ સાવરકુંડલાના પ્રમુખ બિપીનભાઈ શેલાર, મંત્રી લલિત મૈસુરિયા તેમજ અમરેલીના જાગૃત યુવા અગ્રણી વિપુલ ભટ્ટીએ અભિનંદન પાઠવ્યા છે.

## બગસરામાં વાજપેયીજીના જન્મદિનની ઉજવણી



બગસરા ,(રૂપેશ રૂપારેલિયા) બગસરા શહેર ભાજપ તથા બગસરા નગરપાલિકા એ સંયુક્ત પુષ્પાંજલિનો કાર્યક્રમ આશિર્વાદ રેસ્ટોરન્ટ માં રાખેલ હતો જેમાં મહામંત્રી ભાવેશ મશરાણી મહામંત્રી અશોકભાઈ પંડ્યા નગરપાલિકા પ્રમુખ પ્રતિનિધિ એ વી રિબડીયા, જીતુભાઈ બોરીચા, દિનેશભાઈ હડિયલ જયસુખ ભાઈ મેર મુકેશભાઈ પ્રજાપતિ, નિલેશભાઈ પ્રજાપતિ, ભરતભાઈ માંડલિયા, મૂળજીભાઈ મહિડા, જેન્તીભાઈ વેકરીયા કાનજીભાઈ માળવી તથા કાર્યકર્તા હોદેદારશ્રીઓ સદસ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. અને અટલજી પુષ્પાંજલી અર્પણ કરેલ .મહામંત્રીઃ ભાવેશ અમૃતલાલ મસરાણી. શહેર ભાજપ બગસરાએ જણાવ્યું છે.

## વારાહસ્વરૂપ પ્રા. શાળામાં રમત ઉત્સવ યોજાયો



જાફરાબાદ, જાફરાબાદ તાલુકાની શ્રી વારાહસ્વરૂપ પ્રાથમિક શાળામાં બાળકોમાં રમત પ્રત્યે રૂચી કેળવાય, શિયાળામાં કસરત અને રમતનું મહત્વ સમજે તથા રમત-ગમત ક્ષેત્રે બાળકો આગળ વધે તેવા ઉમદા હેતુ સાથે તારીખ ૨૩/૧૨/૨૦૨૩ ના રોજ એક દિવસીય રમત ઉત્સવનું આયોજન કરવામાં આવ્યુ હતુ. ત્રણેય જૂથમાં અનુક્રમે ધોરણ ૨, ધોરણ ૪ અને ધોરણ ૮ ધોરણ ચેમ્પિયન બન્યા. આ કાર્યક્રમ દરેક બાળકો તથા શિક્ષકોએ મળીને ૨૨૦ રમપ્રેમીઓએ ભાગ લીધો હતો અને જેમાં ૪૫ જેટલા રમતવીરોને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ દરિયા કિનારો યોજાયો હોવાથી બાળકોના આણંદમાં અનેક ગણો વધારો થઈ ગયો હતો. રમતના અંતે શાળાના શિક્ષકશ્રી સંજયભાઈ બારૈયા અને મુકેશભાઈ પ્રજાપતિએ બાળકોને 'રમત ગમતનું આપણા જીવનમાં મહત્વ' વિશે રસપ્રદ વાતો કરી હતી. બાળકોએ દરિયાકિનારે સ્વાદિષ્ટ અને પોષ્ટીક નાસ્તો લઈને કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## રાજુલામાં મુથૂટ ફીનકોપ લિ. ની શાખા ખુલ્લી મુકાઇ




રાજુલા,
રાજુલા શહેર માં મુથુટ ફિનકોર્પ લિમિટેડ રાજુલા શાખા આજથી ખુલી મૂકવામાં આવી રાજુલા શહેર માં કુંભારવાડા વિસ્તાર માં આજથી આ શાખા ખુલી મૂકવામાં આવી હતી.ત્યારે રાજુલા શહેરના કેસરીનંદન હનુમાનજી મંદિરના મહંત શ્રીકાંત મહારાજ હસ્તે રીબીન કાપીને આ શાખાને ખુલ્લી મુકવામાં આવેલી ત્યારે આ પ્રસંગે રાજુલા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મનીષભાઈ વાળા તેમજ રીજનલ મેનેજર હિરેનભાઈ મહેતા એરીયા મેનેજર કૃણાલભાઈ ઉપાધ્યાય તેમજ આ શાખાના બ્રાન્ચ મેનેજર દીપકભાઈ ભટ્ટ તેમજ તમામ સ્ટાફ હાજર રહેલા

## રાજુલામાં બ્રહ્મ સમાજ કર્મચારી મંડળ દ્વારા સન્માન કરાયું



રાજુલા,
રાજુલા બ્રહ્મ સમાજ કર્મચારી મંડળ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારંભ યોજાયો હતો. આ તકે પ્રવીણભાઈ જાની કે એમ જાની વિજયભાઈ જોશી મનસુખભાઈ જોશી મહેશભાઈ વ્યાસ હરેશભઆઈ તેરીયા મનોજભાઈ વ્યાસ અરૂણભાઈ ત્રિવેદી ચિરાગભાઈ જોશી ડોક્ટર મિતેશ ત્રિવેદી જાગૃતીબેન રાજ્યગુરુ નલીનીબેન જોષી ધર્મેન્દ્રભાઈ રવૈયા દીપકભાઈ વ્યાસ કમલેશભાઈ વ્યાસ ભોળાભાઈ ભાવેશભાઈ ત્રિવેદી આકાશભાઈ ભટ્ટ ભુપતભાઈ જોશી રાકેશભાઈ જોશી મિતેશભાઈ દેસાઈ ભાવેશભાઈ વ્યાસ રાજેશભાઈ ઝાખરા જાગૃતીબેન તેરીયા સહિતના બ્રહ્મ સમાજના ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા

## પુજ્ય મોરારી બાપુની આગામી રામકથાઓ



અમરેલી, પુજય મોરારીબાપુની આગામી રામ કથાઓ નકકી થયા મુજબ સણોસરા ૩૦-૧૨-૨૩થી૭-૧-૨૦૨૪ અને શ્રાવસ્તી (યુપી)માં ગોંડા પાસે ૧૩-૦૧ થી ૨૧-૧-૨૪, લીંમડી ગુજરાત ૩-૨ થી ૧૧-૨-૨૪, અયોધ્યા ૨૪-૨ થી ૩-૩-૨૪, રવેચી (કચ્છ)૨૩-૩થી ૩૧-૩-૨૪, નોર્વે ૬-૭થી ૧૪-૭-૨૪, ન્યુર્યોક ૨૭-૭ થી ૪-૮-૨૪, કાકીડી મહુવા ગુજરાત તા.૨૭-૧૦ થી ૪-૧૧-૨૪ સુધી રામ કથાઓ યોજાશે તેમ સાધુ નરસંગદાસ બાપુ વેણીવદર વાળાએ જણાવ્યું છે. મો.નં૭૪૩૪૮૯૦૫૩૧

## રાજકોટમાં ધારાસભ્ય દ્વારા સ્વેટર વિતરણ

રાજકોટ,અટલબિહારી બાજપાઈની જન્મજયંતિ નિમિતે રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ બાલ વાટિકાના ૧૩૦૦ થી વધુ ભુલકાઓને ધારાસભ્ય ઉદય કાનગડે સ્વેટર વિતરણ કર્યા હતાં.

## વાંચે ગુજરાત અભિયાન ચલાવવા રાજેશ ભાટેલીયાની માંગણી

રાજકોટ, રાજયના ગ્રંથાલય નિયામક ડો. પંકજભાઈ ગૌસ્વામીને શ્રી રાજેશ ભાટેલીયાએ આવેદનપત્ર આપી વાંચે ગુજરાત અભિયાન ચલાવવા માંગ કરી હતી.

## અમરેલીમાં લર્નિંગ લાયસન્સ મેળવવામાં મુશ્કેલી

અમરેલી,અમરેલી આઈટીઆઈમાં લર્નિંગ લાયસન્સ મેળવામાં યેનકેન પ્રકારે પ્રલોભનને કારણે લોકોએ નાણા ખર્ચવા પડે તેવી સ્થિતિ હોવાનું ચર્ચા સાથે યોગ્ય ઉકેલ લાવવા શિવરાજભાઈ ખુમાણે માંગ કર્યાનું અખબારી યાદીમાં જણાવ્યું છે.

## વિજપડીમાં માનવ સેવા ટ્રસ્ટને સહકાર આપો

અમરેલી,વિજપડીમાં માનવ સેવા ટ્રસ્ટે આજસુધી ફાળો લીધો નથી હવે પ્રમુખશ્રીના જન્મદિવસે ગૌસેવા, માનવસેવા, વ્યસનમુકિત અભિયાન શરૂ કરેલ છે. તેમાં સહકાર આપવા કાળુભાઈ વિરજીભાઈ ટાંકે જણાવ્યું છે.

## અમરેલીમાં તુલસી પુજન કરતાશ્રી ડી.જી. મહેતા



અમરેલી,સનાતન હિન્દુ ધર્મ અને સંસ્કૃતિને ઉજાગર કરવાના પ્રયાસરૂપે ધર્મ અને રાષ્ટ્રપ્રેમી શ્રી ડીજી મહેતાએ પોતાના ઘરે તુલસી પૂજન નો ધાર્મિક કાર્યક્રમ યોજી પોતાની શ્રદ્ધા વ્યકત કરી હતી.

## બગસરામાં બસ સ્ટેન્ડમાં બ્લડ કેમ્પ નિષ્ફળ

બગસરા(સમીર વિરાણી દ્વારા)
બગસરા બસ સ્ટેન્ડ ની અંદર જાહેરમાં બ્લડ ડોનેટ કેમ્પ કરવામાં આવ્યો હતો જેની જાણ કોઈ આમ પબ્લિકને કરવામાં ન આવી હતી કે કોઈ પત્રકારોને જેથી લોકો તથા બસ સ્ટેન્ડમાં અવરજવર કરતા હજારો માણસો ને આ બાબતની કોઈપણ જાતની જાણ ન હોવાથી આ બ્લડ ડોનેટ કેમ ફ્લોપ ગયો હતો. બગસરા એસટી ડેપોના અંદરના કર્મચારી જવાબદાર જયેશભાઈ કટકીયા ને પૂછતા તેમણે જણાવ્યું કે મને પણ ખબર નથી કે કેટલી બોટલ થઈ છે હાલમાં કર્મચારીઓને પણ આ વસ્તુની જાણ નથી .ટૂંકમાં જાહેરાતનો અભાવ હોવાને કારણે આ કેમ્પ ફ્લોપ ગયો છે.

## કૈમોર ખાતે ACC ઉચ્ચતર માધ્યમિક શાળાની શતાબ્દી ઉજવાઇ



અમદાવાદ, (રાજેશ મહેતા)
મધ્યપ્રદેશના કેમોરસ્થિત ACC હાયર સેકન્ડરી સ્કૂલે એક સદીની યાત્રા સફતાપૂર્વક પૂર્ણ કરી છે. ગુણવત્તાયુક્ત શિક્ષણ અને ૧૭,૦૦૦ થી વધુ લોકોના જીવનને આકાર આપવાની સફરને તે ચિહ્નિત કરે છે. ૧૯૨૩માં કિમોરગામ ખાતે C.P. પોર્ટલેન્ડ સિમેન્ટ લિમિટેડ દ્વારા સ્થાપિત આશાળા વર્ષોથી અવિરત શિક્ષણનો પ્રકાશ પાથરી રહી છે.મધ્યપ્રદેશમાં શિક્ષણ જગતમાં શાળાએ અમીટ અને નોંધપાત્ર છાપ છોડી છે.શતાબ્દી સમારોહ અંતર્ગત આયોજિત કાર્યક્રમમાં અદાણી ફાઉન્ડેશનના ચેરપર્સન ડો. પ્રીતિ જી. અદાણીએ પ્રોત્સાહક હાજરી આપી હતી. ACC જીમખાના ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે દિવસભર ચાલેલા કાર્યક્રમમાં શાળાની સફર રજૂકરતી દસ્તાવેજી ફિલ્મ દર્શાવવામાં આવીહતી.ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ તેમના સંભારણા અભિવ્યકત કરવા સાથે સાંસ્કૃતિક પ્રદર્શન ખુલ્લું મૂક્યું હતું.

આ ઐતિહાસિક અવસરે ડો. પ્રિતિ અદાણીએ શાળાના કર્મચારીગણ, વિદ્યાર્થીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. અદાણી ફાઉન્ડેશન આ મહત્વપૂર્ણ અવસરના સાક્ષી બનતા ગર્વ અનુભવે છે. શાળાના સમૃદ્ધ વારસામાં યોગદાન આપવા અમે આતુર છીએ અને ગુણવત્તાયુક્ત શિક્ષણને આગળ ધપાવવા પ્રતિબદ્ધ છીએ.'શાળાના ૧૦૦ વર્ષ પૂર્ણ થતા સુધાંશુ મિશ્રાએ કહ્યું હતું કે જેમ જેમ આપણે અવિશ્વસનીય સીમાચિહ્ન પર પહોંચીએ છીએ તેમ, મારુ હૃદય કૃતજ્ઞતાથી ઉભરાય છે. આ યાત્રા સમર્પિત શિક્ષકો અને સમુદાયના સમર્થન દ્વારા માર્ગદર્શિત શિક્ષણના સાચા સારને પ્રતિબિંબિત કરે છે.

આ શાળાના પ્રતિભાવંતોમા નિવૃત્ત આર્મી ઓફિસર લેફ્ટનન્ટ કર્નલ તુકારામ યાદવ,ભારતીય બેડમિન્ટન એસોસિયેશનના સેક્રેટરી સંજય મિશ્રા,ચંદ્રયાન-૨ અને ચંદ્રયાન-૩ પ્રોજેક્ટમાં કામ કરનાર મેઘા ભટ્ટ,રાણી દુર્ગાવતી યુનિવર્સિટીમાં ડીન અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલર તરીકે નિવૃત્ત થયેલા વૈજ્ઞાનિક અને શિક્ષણશાસ્ત્રી ડો. કરુણા વર્મા,કોલ ઈન્ડિયા લિમિટેડના ભૂતપૂર્વ મુખ્ય ભૂસ્તરશાસ્ત્રી અનિલકુમાર શુકલા અને પ્લેબેક સિંગર નંદિતા નાગજ્યોતિ વગેરેનો સમાવેશ થાય છે.

## અમરેલીનાં ભાજપ અગ્રણી શ્રી હિરેન વિરડીયાનો કોંગ્રેસ સામે પ્રચંડ આક્રોષ


### વિરજીભાઇ ઠુંમરે પ્રધાનમંત્રીશ્રી મોદી વિરૂધ્ધ કરેલા વાણી વિલાસ સામે અમરેલીના અગ્રણી ઉદ્યોગપતી હિરેન વિરડીયાનો આક્રોષ



અમરેલી,અમરેલી જુના માર્કેટયાર્ડમાં યોજાયેલ કોંગ્રેસ સંમેલનમાં ભારતનાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી વિરૂધ્ધ અમરેલીના પીઢ કોંગ્રેસી નેતા પુર્વ ધારાસભ્ય અને પુર્વ સાંસદ વિરજીભાઈ ઠુંમરે કરેલા વાણી વિલાસને અમરેલીના ભાજપ અગ્રણી અને યુવા ઉદ્યોગપતિ હિરેન વિરડીયા વખોડી કાઢે છે અને પોતાનો આક્રોષ વ્યક્ત કરે છે માત્રને માત્ર પોતાને સારા બતાવવા માટે અને સોનીયા ગાંધી તથા રાહુલ ગાંધી સમક્ષ પોતાની આબરૂ વધારવા માટે વિરજીભાઈ ઠુંમર દ્વારા પાયા વિહોણા આક્ષેપો કરવામાં આવેલ પણ ભારતની જનતા ૨૦૨૪ માં પોતાનો જવાબ આપશે અને કોંગ્રેસ મુક્ત બનાવશે. તેમ હિરેન વિરડીયાની એક યાદીમાં જણાવાયુ છે.

## કેરીયાનાગસના હરખાણી પરિવારમાં રૂડો લગ્નોત્સવ

### ચિ. મિલનના શુભ લગ્ન ચિ. સ્નેહલ સાથે તા.૧ જાન્યુઆરીના રોજ યોજાશે



અમરેલી,અવધ ટાઈમ્સના કેરીયા નાગસના પત્રકાર શ્રી ભરતભાઈ ખીમજીભાઈ હરખાણી અને શ્રીમતી ભાવનાબેન હરખાણીના સુપુત્ર ચિ. મિલનના શુભ લગ્ન વેરાવળ નિવાસી અ.સૌ. સુરેખાબેન તથા સંજયભાઈ રાજેશભાઈ ગાંગુલીની સુપુત્રી ચિ.સ્નેહલ સાથે તા.૧-૧-૨૪ના રોજ નિરધારેલ છે. વેરાવળ સોમનાથના કડવા પટેલ સમાજ મીઠાપુર ખાતે લગ્નોત્સવમાં હરખાણી પરિવાર અને સગાસ્નેહીઓ, મિત્ર વર્તુળ અને વિવિધક્ષેત્રોના આગેવાનો સહિત દેશ-વિદેશથી ઉમટી પડશે હરખાણી પરિવારમાં લગ્ન અંગે ભારે ઉત્સાહ સાથે તડામાર તૈયારીઓ થઈ રહી છે.

## બગસરામાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો



બગસરા,બગસરા શહેર વહીવટી તંત્ર અને નગરપાલિકા દ્વારા વિકસિત ભારત સંકલ્પ યાત્રા તથા સેવા સેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં બગસરા નવી નગરપાલિકા કચેરી ખાતે સવારના ૯ થી બપોરના બે કલાક સુધી આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં આવકના દાખલા જાતિ ડોમી સેલ દાખલા રેશનકાર્ડ આધારકાર્ડ અમૃતમ યોજના કાર્ડ વિધવા સહાય બેંક ખાતા સહિતના પ્રશ્નો નો નિકાલ અઢીસો જેટલા અરજદારોએ આ સેવા સેતુનો લાભ લીધો હતો જેમાં બગસરા શહેરના વોર્ડ નંબર ૧ થી ૭ ના અરજદારોએ આ સેવા સેતુનો લાભ લીધો હતો અને સ્થળ પર જ તમામ અરજદારોનો અરજીનો નિકાલ કરવામાં આવ્યો હતો જેમાં પાલિકાના પ્રમુખ જોસનાબેન રીબડીયા ઉપપ્રમુખ ભાવનાબેન સોનગરા ચીફ ઓફિસર જે જે ચૌહાણ સાહેબ તથા સામાજિક કાર્યકર્તા એવી રીબડીયા મામલતદાર આરપી કાકલોતર દ્વારા જેહમત ઉઠાવી અને આ કાર્યક્રમ સંપન્ન કર્યો હતો આ કાર્યક્રમમાં જંગલ ખાતા વિભાગના તથા પોલીસ વિભાગના કોઈ હાજર રહ્યા ન હતા અને તે ટેબલ ખાલી હતા.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

## ગ્રામ વિકાસ કમિશ્નર સચિવશ્રી મનીષા ચંદ્રા, મહિલા-બાળ વિકાસ વિભાગના કમિશ્નર સચિવશ્રી કે.કે. નિરાલા કચ્છ જિલ્લાની મુલાકાતે

### ભુજના ભારાસરની મુલાકાત લઇને ગ્રામ વિકાસને લગતી કામગીરીની જાણકારી મેળવી

ભુજ,ગ્રામ વિકાસના કમિશ્નર,સચિવશ્રી મનીષા ચંદ્રા અને મહિલા અને બાળ વિકાસ વિભાગના કમિશ્નર, સચિવશ્રી કે.કે નિરાલા કચ્છ જિલ્લાની ત્રણ દિવસીય મુલાકાતે આવેલા છે ત્યારે તેમણે ભુજ તાલુકાના ભારાસર ગામની મુલાકાત લીધી હતી. આ તકે ભારાસર ગામમાં ગ્રામ વિકાસને લગતી કરવામાં આવેલી કામગીરી તથા વિવિધ કમ્પોનેટની સ્થળ જાત મુલાકાત લઈને તેમનું નિરીક્ષણ કર્યું હતું. આ સાથે ગ્રામજનો સાથે સરકારશ્રીની યોજનાઓ બાબતે સંવાદ કરવામાં આવ્યો હતો તેમજ સખીમંડળની બહેનો સાથે તેમને મળતા લાભો તથા તેમની કામગીરીવિશે જાણકારી તથા વિશેષ ચર્ચા કરવામાં આવી હતી સ્વચ્છતાના કમ્પોનેટ જેવા કે સેગ્રીગેશન શેડ તેમજ પાણીના શુદ્ધિકરણ માટેના DEWATS પ્લાન્ટ વગેરેનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું આ તકે ગ્રામ વિકાસના કમિશ્નરશ્રી દ્વારા વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ તથા એસ્પિરેશનલ તાલુકા અધિકારીશ્રીઓ સાથે મીટિંગ કરીને જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા.આ પ્રસંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ઈન્ચાર્જ નિયામકશ્રી આર.કે.ઓઝા અને નવનિયુકત નિયામકશ્રી નિકુંજ પરીખ,જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની વિવિધ યોજનાઓના અધિકારીશ્રીઓ,તાલુકા વિકાસ અધિકારીશ્રી ભુજ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા

## ગીર સોમનાથ પંથકનાં વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

## ગીર-સોમનાથ જિલ્લા કક્ષાની કલા મહાકુંભ સ્પર્ધા તા. 3 જાન્યુઆરીના દ્રોણેશ્વર ખાતે યોજાશે

ગીર સોમનાથ, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર અને કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ગાંધીનગર દ્વારા આયોજીત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ગીર સોમનાથ સંચાલિત જિલ્લા કક્ષાની કલા મહાકુંભ સ્પર્ધા-૨૦૨૩-૨૪ આગામી તા.૦૩ જાન્યુઆરીને સવારે ૯ કલાકથી શ્રી સ્વામીનારાયણ ગુરૂકુળ, દ્રોણેશ્વર ખાતે યોજાશે.
જેમાં તાલુકા કક્ષાએ વિજેતા થયેલ ૧૪ કુતિમાં વકતૃત્વ, નિબંધ લેખન, ચિત્રકલા, ભરતનાટ્યમ, એકપાત્રીય અભિનય, લોકનૃત્ય, રાસ, ગરબા, સુગમ સંગીત, લગ્ન ગીત, સમૂહ ગીત, લોકગીત/ભજન, તબલા, હાર્મોનિયમ તેમજ સીધી જિલ્લાકક્ષાની ૯ કૃતિમાં કાવ્ય લેખન, ગઝલ શાયરી, લોકવાર્તા, દુહા, છંદ, ચોપાઈ, સર્જનાત્મક કારીગરી, સ્કુલ બેન્ડ, ઓરગન, કથ્થક, શાસ્ત્રીય કંઠ્યસંગીત તાલુકા કક્ષાની ૧૪ કૃતિના પ્રથમ નંબરના વિજેતા કલાકારો તથા જિલ્લા કક્ષાની સીધી ૯ કૃતિની સ્પર્ધાઓના કલાકારો પોતાની ઉત્કૃષ્ટ કલાનુ પ્રદાન કરશે.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

## જૂનાગઢમાં મહાપાલિકા કક્ષાની સૂર્યનમસ્કાર સ્પર્ધા યોજાઇ

### વિજેતા થયેલા ૬ ખેલાડીઓ રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે

જૂનાગઢ,
સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે મહાનગરપાલિકા કક્ષાની સૂર્ય નમસ્કાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે મેયર શ્રીમતી ગીતાબેન પરમાર, કમિશનર શ્રી રાજેશ તન્ના, સ્થાયી સમિતિના ચેરમેન શ્રી હરેશભાઈ પરસાણા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ મહાનુભાવોએ લોકો યોગ અપનાવતા થાય અને સમગ્ર ગુજરાતમાં યોગ અંગે એક માહોલ ઉભો થાય. સાથે જ સ્વસ્થ જીવન શૈલી અને નીરોગી જીવન જીવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. રમત ગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગ, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત-ગાંધીનગર દ્વારા આયોજિત આ સ્પર્ધામાં ૪૬ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાંથી ૬ સ્પર્ધકોને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. હવે આ વિજેતા સ્પર્ધકો રાજ્ય કક્ષાની સૂર્યનમસ્કાર સ્પર્ધામાં ભાગ લેશે. સ્પર્ધાના પ્રારંભમાં ૬૭મી સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયામાં નેશનલ કક્ષાએ મેડલ પ્રાપ્ત કરવા બદલ હેન્ડબોલ ટીમ અને યોગાસનમાં ગોલ્ડ મેડલ મેળવનાર વાજા શાહનવાજનું મહાનગરપાલિકા તથા જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.આ સમગ્ર સ્પર્ધામાં ગીતાબેન ગજેરા વૈશાલીબેન તથા કલાઠીયા ભરતભાઈએ ગુજરાત રાજ્ય યોગ બોર્ડનું પ્રતિનિધિત્વ કરતા જજની ભૂમિકા નિભાવી હતી. અને સંકલનની કામગીરી નફીસા વિહળે સંભાળી હતી અને આ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન જૂનાગઢ મહાનગર પાલિકાના સહયોગથી જિલ્લા રમત વિકાસ અધિકારી શ્રી ગૌરાંગ નરે અને તેમની ટીમે કર્યું હતું.

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

LED હેડલાઇટ
ટેલલાઇટ
ડિજીટલ મીટર
બ્લુટુથ કનેક્ટીવીટી
અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ટ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ મો. ૭૦૪૮૭ ૮૨૦૦૪

सत्यमेवजयते्
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર
પાના નં ૬
તા. ૩૦-૧૨-૨૦૨૩ શનિવાર

સોલાર રૂફટોફ
વિવિધ સોલાર ઉપકરણોનાં ઉત્પાદકો પાસેથી

૪૦% સબસીડી
આજે જ સંપર્ક કરો
બ્રહ્મદીપ સોલાર
બ્રહ્મદીપ એન્ટરપ્રાઇઝ
એસ.ટી. ડેપો પાછળ, અમરેલી
મો. ૯૪૨૭૨ ૩૦૦૪૭

॥ શ્રી વલ્લભ ॥
૨૦૨૪ની આકર્ષક નવી ડીઝાઇનમાં બોક્ષ ▪ સેમી બોક્ષ માં લગ્ન
કંકોત્રી
માટે એકવાર અવશ્ય મુલાકાત લેશો.
શ્રીનાથજી કાર્ડ & પેપર્સ
નાગનાથ મહાદેવ બસ સ્ટેન્ડ પાસે, ખેડાવાળ બ્રાહ્મણ બોર્ડિંગની બાજુમાં, આદિત્ય એપાર્ટમેન્ટ, અમરેલી. મો. ૯૪૨૬૪ ૨૩૨૪૩

### ભાડાના મકાનમાં અનાજનો જથ્થો ભરેલું આયશર ઠલવાતા મામલતદારે દરોડો પાડયો

# દામનગરમાં ઝડપાયેલા અનાજનો મોટો જથ્થો સીઝ કર્યો

**ગેરકાયદેસર અનાજનો મોટો જથ્થો હોવાની બાતમી મળતા મામલતદારની ટીમ ત્રાટકી**

**દરોડામાં ૩૧ કટ્ટા ૧૫૫૦ કિલો ઘંઉ અને ૧૦૦ કટ્ટા ૫૦૦૦ કિલો ચોખા મળી ઘંઉ, ચોખા અને આયસર મળીને કુલ રૂા.૫૮૮૨૫૦નો મુદ્દામાલ ઝડપી લઇ ઇન્ચાર્જ મામલતદારે સીઝ કર્યો**

**ઝડપાયેલ અનાજ રેશનકાર્ડ ધારકો પાસેથી અનાજનો જથ્થો ખરીદ કર્યા હોવાનું અનુમાન**



લાઠી, (વિશાલ ડોડીયા) લાઠીના દામનગરમાંથી ગેરકાયદેસર અનાજનો મોટો જથ્થો ઈન્ચાર્જ મામલતદારે સીઝ કરેલ છે. દામનગરના ભાડાંના મકાનમાં અનાજનું આઈસર ઠલવાતા લાઠીના મામલતદારે રેઈડ કરી ગેરકાયદેસર અનાજનો મોટો જથ્થો જેમાં ૩૧ કટ્ટા ૧૫૫૦કિલોઘંઉઅને૧૦૦કટ્ટા૫૦૦૦ કિલો ચોખા મળી ઘંઉ, ચોખા અને આઈસર સહિત રૂા.૫૮૮૨૫૦નો મુદ્દામાલ સીઝ કર્યો હતો. આ અંગે જણાવા મળતી વિગત અનુસાર ઘંઉ અને ચોખાનો જથ્થો આજુબાજુના ગામોમાંથી રેશન કાર્ડ ધારકો પાસેથી ખરીદી કરી હોવાનું અનુમાન છે. ગેરકાયદેસર અનાજની હેરાફેરીનો પર્દાફાશ ઈન્ચાર્જ મામલતદાર વિજયભાઈ ડેરે કર્યો હતો.

### સનેડાની ખરીદીમાં હવે સહાય મળશે

## ગુજરાત સરકારે સનેડો ખરીદવા સહાય આપવા યોજનાનો અમલ કર્યો

**સહાય મેળવવા ખેડૂતોએ ખેડૂત પોર્ટલ પર અરજી કરવા અપીલ કરતા નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિક વેકરીયા**



અમરેલી, ગુજરાત સરકારે ખેડૂતોને સનેડો નામનું કૃષિ સાધન ખરીદવા માટે માટે કૃષિસહાય આપવા માટેની યોજનાનો અમલ કર્યો છે ત્યારે હવેથી ખેડૂતો સનેડો નામનું કૃષિસાધન ખરીદ કરશે તો આવા ખેડૂતોને સનેડાની ખરીદી ઉપર સહાય મળી શકશે. રાજ્યના ખેડૂતોને ખેતીવાડી ખાતા દ્વારા સનેડો સાધનની ખરીદી ઉપર નાણાકીય સહાય આપવાની યોજનાની અરજીઓ કરવા માટે ખેડૂતે આઈ ખેડૂત પોર્ટલ ઉપર જઈ અને અરજી કરવાની રહેશે. ખેડૂત આ અરજી તા .૨૯ ડિસેમ્બર ૨૦૨૩ ના સવારના ૧૦:૩૦ કલાકથી તા. ૨૮ જાન્યુઆરી ૨૦૨૪ સુધી ઓનલાઈન પોતાની અરજી કરી શકશે. નાણાકીય લક્ષ્યાંકની ૧૧૦% મર્યાદામાં વહેલા તે પહેલાના ધોરણે આવી અરજીઓ સ્વીકારવામાં આવશે. જેથી ખેડૂતોને અરજી કરવા માટે અમરેલીનાં ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાએ અપીલ કરી છે. જે ખેડૂત આ યોજનાનો લાભ મેળવવા માગતા હોય એમણે અરજી વખતે ૮ - અ, આધારકાર્ડની નકલ અને બેંક પાસબુકની વિગત સામેલ રાખવાની રહેશે એમ પણ કૌશિક વેકરિયાની અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

### શ્રી શ્યામવાડી સેવા સંઘના પ્રમુખ સુરેશભાઇ સોલંકીના અધ્યક્ષ સ્થાને

## અમરેલીમાં ગુર્જર ક્ષત્રિય કડીયા સમાજ સ્નેહમિલન યોજાયું

**સરકારની વિશ્વકર્મા યોજનાનું માર્ગદર્શન : ૫૦ થી વધુ લાભાર્થીઓને સ્થળ પર લાભ અપાયો**



અમરેલી,
અમરેલી શ્યામવાડી ખાતે સેવા સંઘ પ્રમુખ શ્રી સુરેશભાઈ સોલંકી ના અધ્યક્ષ સ્થાને શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ સંચાલિત સેવા સંઘ દ્વારા સ્નેહમિલન નું આયોજન રાખવામાં આવ્યું જેમાં શહેર ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ તેમજ સેવા સંઘ મંડળના ઉપપ્રમુખ કિશોરભાઈ આજુગીયા ની મહેનતથી પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના નો કેમ્પ લગાવવામાં આવ્યો જેમાં ૫૦થી વધુ લાભાર્થીઓએ સ્થળ ઉપર જ લાભ લીધો જેમાં ઉપસ્થિત શ્રી મયુરભાઈ માંજરીયા મંત્રી પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચા શ્રી મેહુલભાઈ ધોરાજીયા મહામંત્રી જિલ્લા ભાજપ શ્રી રાજુભાઈ ભુતૈયા પ્રમુખ જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચા શ્રી હરેશભાઈ ટાંક મીડિયા ઈન્ચાર્જ જિલ્લા ભાજપ બક્ષીપંચ મરચા શ્રી નાથુભાઈ ધાધલ મહામંત્રી શહેર ભાજપ બક્ષીપંચ મોરચા તેમજ અમરેલી કડિયા સમાજ ના આગેવાન શ્રીઓ શ્રી મનસુખભાઈ ચૌહાણ શ્રી જેન્તીભાઈ મનાણી શ્રી ભીખુભાઈ ટાંક બીપી એમ સાયકલ સ્ટોર શ્રી શીકે ટાક સાહેબ તેમજ શ્યામ યુવક મંડળના ઉપપ્રમુખ હરેશભાઈ એચ ટાંક કેળવણી મંડળના હોદ્દેદારશ્રીઓ મહિલા મંડળના બહેનો વિશ્વકર્મા કારીગર મંડળના આગેવાન શ્રીઓ સેવા સંઘના પ્રમુખ શ્રી સુરેશભાઈ સોલંકી દ્વારા સેવા સંઘ ની પ્રવૃત્તિઓ સેવા કાર્યો થતા હોય એની માહિતી આપી તેમજ સેવા સંઘ ની આખી ટીમે ખભો મિલાવીને મહેનત કરી આ કાર્યક્રમને દિપાવ્યો ખુબ ખુબ આભાર સેવા સંઘ ટીમ નો

## કડીયાળી હાઈસ્કુલમાં કાનુની શિક્ષણ શીબીર યોજાઈ

**તાલુકા કાનુની સેવા સમિતિ અને ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા આયોજન**



જાફરાબાદ, (ફીરોજ પઠાણ) રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસની ઉજવણી સપ્તાહના ભાગરૂપે તથા તાલુકા કાનુની સેવા સમિતિના સંયુકત ઉપક્રમે જાફરાબાદ તાલુકાની કડીયાળી ગામે સરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળામાં ગ્રાહકના અધિકારો, મફત કાનુની સહાય તથા તાલુકા કાનુની સેવા સમિતિના કાર્યો વિશે પ્રવકતા તરીકે પેનલ એડવોકેટ બાલકૃષ્ણભાઈ સોલંકી દ્વારા ગ્રાહક સુરક્ષા ધારાની મહત્વની જોગવાઈઓ વિશે તથા ગ્રાહકોના અધિકારો વિશે ઉદાહરણ સહિત ઉપયોગી માહિતિ વિધાર્થીઓને પુરી પાડી હતી. તેમજ હાલના ઓનલાઈન નાણાકીય વ્યવહારોમાં સાયબર છેતરપીંડીથી કઈ રીતે બચી શકાય તે અંગે વિધાર્થીઓને માહિતિ આપી હતી. વિધાર્થીઓ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો. તેમજ શીબીરના અંતે મફત કાનુની સહાય તથા ગ્રાહક સુરક્ષા અંગે માહિતિ આપતી પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## બાબરામાં રાજકોટ ભાવનગર હાઇવે પરની બંધ સ્ટ્રીટ લાઈટ ચાલુ કરવાની માંગણી

**બાળ ક્રિડાંગણ બગીચા ની મરામત કરવા યુવા આગેવાન હારુન મેતરની માંગ**



બાબરા, (દિપક કનૈયા)
બાબરા શહેર મા છેલ્લા ઘણા સમયથી શેરી વિસ્તારમાં તેમજ રાજકોટ ભાવનગર હાઈવે રોડ પર આવેલી નગરપાલિકા ની સ્ટ્રીટ લાઈટો મોટા ભાગ ની બંધ હાલતમાં છે અમુક સ્ટ્રીટ લાઈટ ના વિજપોલ પડી ગયા છે ઘણા સમયથી લાખો રૂપિયા ના ખર્ચ લાઈટ નાખવામાં આવી હતી હાલ દયાજનક હાલતમાં છે રાત્રે ના સમયે હાઈવે પર નિકળતા લોકો તેમજ વાહન ચાલકો ને મારે હાલાકી ભોગવવી પડે છે હાઈવે રોડ પર રેઢીયાળ ઢોર અડીંગો જમાવી બેઠા હોય છે બાઈક કે અન્ય વાહનો મા અકસ્માત સર્જાય એવી પરિસ્થિતિ ઉભી થઈ છે બાબરા ના યુવા આગેવાન હારુન મેતર નગરપાલિકા બાબરા અને ધારાસભ્ય શ્રી ને પત્ર લખીને રજુઆત કરી હતી કે બાબરા ના રાજકોટ ભાવનગર હાઈવે પર ની સ્ટ્રીટ લાઈટો બંધ છે ચાલુ કરાવી તેમજ હાલ બંધ હાલતમાં જે બાળકો ને તેમજ વડીલોને બેસવા માટે બાળ ક્રિડાંગણ બગીચા ની મરામત કરાવી બાળકો ની રમતગમત ના સાધનો મુકવા વડીલો માટે બેસવાની વ્યવસ્થા કરાવી તેમજ શહેરના વિવિધ વિસ્તારોમાં રોડ રસ્તા ની મરામત કરવી અગાવના સાશકો થી લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા ત્યારે હાલના નગરપાલિકા ના યુવા પ્રમુખ સારી કામગીરી કરે તેવુ લોકો ઈચ્છી રહ્યાં છે

### જનહિતલક્ષી યોજનાઓના લાભથી એક પણ વ્યક્તિ વંચિત ન રહે તે માટે જાગૃતિ કેળવવા

## સાવરકુંડલા બ્રાંચ શાળા નં. પાંચમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ભવ્ય સ્વાગત કરાયું

**પ્રાથમિક શાળાની બાળાઓ દ્વારા વિકાસ રથનું કુમકુમ તિલક થી સ્વાગત કરાયું : યોજનાઓના લાભાર્થીઓને લાભ એનાયત કરાયા : ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા સહિતના પદાધીકારી તથા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા**



સાવરકુંડલા,
અમરેલી જીલ્લામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાને વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે જે અન્વયે આજ આ યાત્રા સાવરકુંડલા બ્રાન્ચ શાળા નઅં પાંચ ખાતે આવેલ. જનહિતલક્ષી યોજનાઓના લાભની માહિતી છેવાડાના માનવી સુધી પોહચે તેવા શુભ આશયથી આવેલ આ યાત્રાનું ભવ્ય સ્વાગત શાળા નંબર પાંચની બાળાઓ દ્વારા કુમકુમ તિલક થી કરાયું હતું. આમંત્રિત મહેમાનોનું સ્વાગત શાળામાં અભ્યાસ કરતી વિધાર્થીનીઓ દ્વારા સ્વાગત ગીત થકી કરેલ. તથા વિધાર્થીઓ દ્વારા પ્રાકૃતિક કૃષિ અપનાવવા પ્રેરિત કરતુ નાટક પણ રજુ કરેલ.
ધારાસભ્ય શ્રી કસવાલાએ સરકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પોહચાડવા વહીવટી તંત્ર ને ટકોર કરી હતી. વિવિધ વિભાગો સંબધિત યોજનાના લાભાર્થીઓને લાભ એનાયત કરાયા હતા. તથા લાભાર્થીઓએ સરકાર ની યોજના થકી તેમને મળેલ લાભો અંગે પોતાના અનુભવો વર્ણવી સરકારનો આભાર વ્યક્ત કરેલ.
આ તકે નગરપાલિકા ના પદાધિકારીઓ તથા અધિકારીઓ અને આઈ.સી.ડી.એસ. વિભાગ ના કર્મચારીઓ, લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સાવરકુંડલા બ્રાંચ શાળા નં પાંચમાં વિધાર્થીઓ દ્વારા નાટકે આકર્ષણ જમાવ્યું

**જિલ્લા તાલુકાના વહીવટી તંત્ર સાથે બ્રાંચ શાળાના શિક્ષકોએ રંગ રાખ્યો**

સાવરકુંડલા,
સાવરકુંડલા ખાતે આવી પોહચેલ વિકસિત ભારત સંકલ્પ યાત્રા માં પ્રાકૃતિક ખેતી તરફ વળી જમીનને બચાવવા કરાયેલ નાટક 'ધરતી કહે પૂકાર કે..'થી લોક જાગૃતિ નો અનોખો સંદેશ લોકો સુધી પહોંચાડવા નો પ્રયાસ કરેલ. જેને અનોખુ આકર્ષણ જમાવેલ. શાળાના વિધાર્થીઓને આ અદ્દભૂત નાટક માટે પ્રોત્સાહિત કરાયાં હતાં. સરકારશ્રી આયોજિત વિકસિત ભારત સંકલ્પ યાત્રાને સફળ બનાવવા વહીવટી તંત્ર સાથે બ્રાન્ચ શાળા નં પાંચના શિક્ષક ગણે ખરો રંગ રાખ્યો હતો અને મહેમાનોનું સ્વાગતથી લઈ આભાર વિધી સુધીમાં ગીત, નાટક સહીત અનેક વ્યવસ્થાની જવાબદારી લઈ કાર્યક્રમને ચાર ચાંદ લગાવ્યા હતાં. જનહિતલક્ષી યોજનાઓના લાભની માહિતી છેવાડાના માનવી સુધી પોહચે તેવા શુભ આશયથી આવેલ આ યાત્રાને સફળ બનાવવા વહીવટી તંત્ર સાથે બ્રાન્ચ શાળા નં પાંચના શિક્ષક ગણે ખભે ખભો મીલાવીને કાર્ય કરેલ. મહેમાનોનું સ્વાગત થી લઈ આભાર વિધી સુધીમાં અનેક વ્યવસ્થાની જવાબદારી લઈ કાર્યક્રમને ચાર ચાંદ લગાવ્યા હતા. શાળાના આચાર્ય અભિષેકભાઈ પંડયા ના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે શાળા ના શિક્ષકો હિરેનભાઈ જીકાદ્રા, નિરવભાઈ મહેતા, ભાર્ગવભાઈ પંડયા, ભરતભાઈ, હસમુખભાઈ, ગીતાબેન ચાવડા, પૂનમબેન ભટ્ટી, સેજલબેન કાથરોટીયા, ડિમ્પલ બેન, અરુણા બેન, વિલાસબેન, હર્ષાબેન એ જહેમત ઉઠાવી હતી.

### બ્રાંચ શાળામાં સુવિધાઓનું ધારાસભ્યએ લોકાર્પણ કર્યુ

સાવરકુંડલા, વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમ્યાન શાળા નંબર પાંચ ખાતે પધારેલા લોકલાડીલા ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા એસ.ઓ.ઈ. (સ્કુલ ઓફ એકસલેન્સ) અંતર્ગત નવનિર્મિત બે ઓરડા, સેનીટેશન યુનિટ, એમ.ડી.એમ રૂમ નું લોકાર્પણ કરવામાં આવ્યું અને એસ.ઓ.ઈ શાળા ની મુલાકાત કરી શાળા માં સ્માર્ટ બોર્ડ, કોમ્પ્યુટર લેબ તથા શાળા સ્વચ્છતા ના વખાણ કર્યા અને શાળા સ્ટાફ ને અભિનંદન પાઠવ્યા હતા.

## સાવરકુંડલાના ઠવી ગામે વિકસિત ભારત સંકલ્પ રથનું સ્વાગત

**ધારાસભ્ય અને જીલ્લાના પદાધિકારીઓ તેમજ ૨૦ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા**



સાવરકુંડલા,
સાવરકુંડલા તાલુકામાં હાલ વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથ પરિભ્રમણ દરમિયાન ઠવી ગામે પહોંચ્યો હતો જ્યાં ગામના નાગરિકોને વિવિધ યોજનાકીય લાભોથી માહિતગાર કરવામાં આવ્યા અને વિવિધ યોજના અને સહાયો ના ફોર્મ ભરાયા હતા તેમજ મહિલાઓ, વિદ્યાર્થીઓ સહિતના લોકોનું વ્યક્તિ વિશેષનું સન્માન કરવામાં આવ્યું હતું ઠવી ગામે આરોગ્ય કેમ્પમાં લોકોની આરોગ્ય તપાસણી, સ્થળ, ડાયાબિટીસ, બી.પી., ટીબી વગેરે મેડિકલ ઓફિસર ડોકટર પારઘી અને તેમની હેલ્થ વિભાગ ની ટીમ દ્વારા કરવામાં આવી હતી સાથે આયુષ્યમાન કાર્ડનું વિતરણ કરી ગામમાં સોટકા આયુષ્યમાન કાર્ડ ની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી ઠવી ગામના એક હજાર જેટલા નાગરિકો કાર્યક્રમમાં ઉપસ્થિત રહી યોજનાકીય વિગતો અને માહિતી મેળવી સ્થળ પર લાભો લીધા હતા
પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના ના લાભાર્થીનું રજીસ્ટ્રેશન કરી ગેસની કિટો અને બાટલા વિતરણ ઠવી ગામના અગ્રણી અશોકભાઈ ખુમાણ ના હસ્તે કરાયું હતું મેરી કહાની મેરી ઝુબાની ના લાભાર્થી વિજયભાઈ ખુમાણ દ્વારા પ્રાકૃતિક અને ઓર્ગેનિક ખેતી માટેની તટસ્થ અને સચોટ માહિતી ઠવી આને આસપાસ ના ગામો તેમજ વાડી વિસ્તારમાં રહેતા ખેડૂતોને આપવામાં આવી હતી ઠવી ગામના એક હજાર ભાઈઓ બહેનો ગ્રામજનો દ્વારા વિકસિત ભારત નો સંકલ્પ સાવરકુંડલા લીલીયા ના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા દ્વારા લેવડાવ્યા હતા
જમીન આરોગ્ય ચકાસણી નિદર્શનનો લાભાર્થીઓએ લાભ મેળવ્યો હતો ગ્રામજનો ના જનધન ખાતાં, પ્રધાનમંત્રી કિસાન યોજના અંતર્ગત ખેડૂતો બે હજાર વાર્ષિક ત્રણ હપ્તા માટે ના ફોર્મ તેમજ કે.વાય.સી. સ્થળ પર જઈ ગ્રામ દ્વારા ગ્રામ પંચાયત ના ઓપરેટર પરેશ મકવાણા દ્વારા ખેડૂતો લાભ અપાવ્યો હતો જળ જીવન મિશન અંતર્ગત ઠવી ગામ ના દરેક ઘરે હર ઘર જલ યોજના મારફત નળ થી પાણી આપવામાં આવી રહ્યું છે તેમજ સરકાર દ્વારા ખુલ્લામાં શૌચ ન થાય તે માટે દરેક કુટુંબો ને શૌચાલય બનાવી આપવાની સુવિધાના લાભો મળી રહે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું ઠવી ગામના નાગરિકોએ તેમના જમીનને લગતા રેકર્ડસનું ડિજિટલાઈઝેશન પણ સ્થળ પરજ કરાવ્યું હતું સાવરકુંડલા તાલુકામાં આગામી ૨ જાન્યુઆરી ૨૦૨૪ સુધી સંકલ્પ રથ પરિભ્રમણ કરશે જેમાં સાવરકુંડલા તાલુકા છેવડા ના ગામ સુધી વંચિતોના જીવન ધોરણમાં વિવિધ સરકારી યોજનાકીય સહાયથી સકારાત્મક પરિવર્તન માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે ત્યારે સાવરકુંડલા તાલુકાના ૭૯ ગામડાઓમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા ને બહોળો પ્રતિસાદ માટે રાજ્ય સરકાર ની વિવિધ યોજના અને સહાયનો લાભ જન-જન સુધી પહોંચાડવામાં આવી રહી છે. ઠવી ગામ ખાતે ૨૦ જેટલા ગામ ના લોકોને પીએમ વિશ્વકર્મા યોજના હેઠળ લોકોને ૫ ટકાના વ્યાજ દર સાથે પ્રથમ હપ્તા તરીકે ૧ લાખ રૂપિયા અને બીજા હપ્તા તરીકે ૨ લાખ રૂપિયાની લોન આપવામાં આવશે આ સાથે કારીગરોને પાયાની અને અદ્યતન તાલીમ પણ આપવામાં આવશે યોજનાના લાભાર્થીઓને ૧૫,૦૦૦ રૂપિયાની ટૂલકીટ પણ આપવામાં આવશે આંગણવાડી ના લાભાર્થી બહેનો ને માતૃશક્તિ, પૂર્ણાશક્તિ, બાલશક્તિ અને ઘોડિયા કીટ અર્પણ કરવામાં આવી હતી
સાવરકુંડલા તાલુકાના ઠવી ગામ ખાતે આતકે સાવરકુંડલા લીલીયા તાલુકાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, ઠવી ગામ અને અમરેલી જીલ્લા કાઠીક્ષત્રીય સમાજ ના અગ્રણી અશોકભાઈ ખુમાણ, ઈગ્રામ તાલુકા લેવલ એઝ્યુકેટિવ અમીતગીરી ગોસ્વામી, તલાટી મંત્રી આસ્થા ખસીયા, મોટાઝીંઝુડા ગામના પૂર્વ સરપંચ ભાભલુંભાઈ ખુમાણ, સાવરકુંડલા નગરપાલિકા પૂર્વચેરમેન પ્રવિણભાઈ કોટીલા, તાલુકા પંચાયત વિરોધ પક્ષ નેતા જસુભાઈ ખુમાણ, ઈશ્વરીયા દરબાર સુરેશભાઈ વાળા, તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, શેલણા ગામના સરપંચ મહેશભાઈ જેબલીયા, મોટાભમોદ્રા સરપંચ ભાવેશભાઈ ખૂંટ, ઈ ગ્રામ ટી.એલ.ઈ. સંજયભાઈ પંડ્યા, ઓઢભાઈ ભુકણ, તાલુકા વિસ્તરણ અધિકારી કે.બી.કાકડીયા ઠવી ગામના અગ્રણી વિનુભાઈ ડાવરા, આણંદભાઈ ધડુક, પાંચાભાઈ નાગસ, ધીરૂભાઈ કાનાણી, મુકેશભાઈ ઉસદડીયા, ભાવેશભાઈ ધડુક, દેવચંદભાઈ સાવલીયા, જીજ્ઞેશભાઈ પરમાર, યુવા અગ્રણી વીકુગીરી ગોસ્વામી, ગ્રામ પંચાયત ઓપરેટર પરેશ મકવાણા વગેરે ઠવી ગામના ભાઈઓ બહેનો અને યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ઠવી ગામના એક હજાર ભાઈઓ બહેનો એ વિકસિત ભારતમાં પોતાનો ભાગ ભજવવા શપથ લીધા હતા.

### અવસાન નોંધ

અમરેલી

અમરેલી નિવાસી શ્રીમતી શાંતાબેન ઉ.વ. ૯૦ તે છબીલદાસ ગુલાબચંદ શાહનાં ધર્મ પત્ની તથા પિયુષભાઈ શાહ (SBI), અનસુયાબેન, હર્ષાબેન અને ભારતીબેનના માતુશ્રી તા. ૨૭-૧૨-૨૩ ના રોજ અરિહંત શરણ પામ્યા છે. સદગતનુ બેસણું તા. ૨૯-૧૨-૨૩ શુક્રવારે ૪-૩૦ થી ૬-૦૦ ગંગાબાઈ ખત્રી વાડી, દેરાસર પાસે અમરેલી ખાતે રાખેલ છે.

